# સ્મૃતિનિનાદ

- જીવાભાઈ પ્રજાપતિ

: પ્રકાશક :

એમ. એમ. સાહિત્ય પ્રકાશન
મહાવીર માર્ગ,
આણંદ

Book's name in English : **Smrutininad**
Jivabhai Prajapati

© જીવાભાઈ પ્રજાપતિ

પ્રથમ આવૃત્તિ - ૨૦૦૬
પ્રત - ૧૦૦૦
મૂલ્ય રૂ.

પ્રકાશક :

એમ. એમ. સાહિત્ય પ્રકાશન
મહાવીર માર્ગ,
આણંદ

(સર્વ હક્ક લેખકને સ્વાધીન)



# અર્પણ



**જીવનપર્યંત ઊષ્માસભર**

**લાગણીઓના તાણાવાણાથી**

**ઋજુ ઉરઅંતર્ગત અસ્ખલિતપણે**

**વહેતા નિર્મળ પ્રેમસ્ત્રોત સમા**

**સદૈવ હિતૈષી એવા**

**શ્રી. દત્તેશ ઉપાદયાય**

**(આણંદ) ને સપ્રેમ.....**

**- જીવાભાઈ પ્રજાપતિ 'પતિત'**

## પ્રાક્કથન

માનવજીવન ખૂબ જટિલ અને અત્યંત સંઘર્ષમય છે એનાં એકેક સોપાન સહેલાઈથી સર કરવાં એ કોઈ આસાન ખેલ નથી એ લોઢાના ચણા ચાવવા જેવી કઠોર બાબત છે. દરેક મનુષ્યે પોતાના જીવનપથ પર પ્રયાણ કરતાં ડગલેને પગલે વિભિન્ન સ્વભાવવાળા માનવીઓ સાથે પરસ્પર વિચારવિનિમય કે સામાજિક વ્યવહાર કરવો પડે છે. સમગ્ર જીવન વ્યતીત કરતાં ઘટતી નાનીમોટી ઘટનાઓ, રળિયામણી પૃથ્વીના વિશાળપટ પર વિકસિત વિભિન્ન પ્રકૃતિતત્ત્વો ને મિથ્યા સંસારમાં પ્રિયજન સાથેના નિકટના સંસર્ગથી ઉદ્ભવેલી ખટમીઠા પ્રસંગોની મનમાં અનવરત તરવરતી સ્મૃતિઓ- આ સમગ્ર અખિલાઈ અતીતના તળિયેથી ઉલેચાઈ વર્તમાનની સપાટ ભૂમિ પર સદૈવ અસ્ખલિતપણે પ્રવાહિત થતાં એમાં મરકટ સમું મન નિમગ્ન બની હર્ષશોકના સંમિશ્રિતભાવ અનુભવતું રહે એ દુર્નિવાર ઘટના કેવી રોમાંચક છે એનો સંપૂર્ણ અહેસાસ જીવનમાં દરેકને કોઈને કોઈ પળે અનાયાસે આવિર્ભૂત થતો રહે તો એમાં કંઈ વિશેષ નવાઈ નથી.

સન ૧૯૬૫ થી ૧૯૬૯ ના સમયગાળા દરમિયાન એલ.ડી.આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં અધ્યયન કરતાં સાહિત્ય પ્રત્યે અભિરુચિ ધરાવતા મારા હૃદયમાં સાહિત્યસર્જન પ્રત્યેની રુચિ વધુ પ્રબળ બની.

સાહિત્યોદ્યાનમાં વિહરતાં સ્વયંસ્ફુરિતપ્રેરણાથી રચાતાં કાવ્યપુષ્પોની પદરજ ચોમેર પ્રસરતી રહે એમ કહું તો એ કંઈ અસ્થાને નથી.

સ્મરણનું શું કદી વિસ્મરણ થાય છે ?
એવું ક્યારેક સહજ આચરણ થાય છે.

'સ્મૃતિનિનાદ' કાવ્યસંગ્રહમાંથી માણવા જેવી કેટલીક મધુર કાવ્યપંક્તિઓ હું અત્રે અવતરિત કરું છું.

(૨૮) સ્મૃતિ - 'સ્મરણ સદા સતાવતું હોય છે.'

(૫૨) પ્રીત ન કરો કોઈ - 'પ્રેમ પાવકજ્વાળા છે.'

(૬૨) ધીરજ ખૂટી છે - 'અમૂલ પ્રેમબુંદ સંગ્રહીએ.'

(૯૨) દિલનું પીગળવું - 'શ્વાસ તૂટ્યાની વેળા છે કાળજાનું કકળવું.'

(૯૯) મને આપજો - 'જીવન અમૂલ સોગાત છે.'

અંગત કે બિનંગત પ્રસંગો કે અનુભવોને કવિતાની લયબધ્ધ કોમળ સુમધુર પદાવલીઓમાં ઢાળતાં પ્રાપ્ત થતો નિરનિરાળો કાવ્યસંગ્રહ 'સ્મૃતિનિનાદ' પ્રગટ કરી આપ સૌના કરકમળમાં મૂકતાં હું આનંદની લાગણી અનુભવું છું.

આ કાવ્યસંગ્રહ સૌ વાચકમિત્રો અવશ્ય આવકારશે એવી હું અભિલાષા સેવું છું.

આને પુસ્તકાકારે પ્રગટ કરવા હૂંફાળો સાથ અને સહકાર આપવા બદલ એમ. એમ. સાહિત્ય પ્રકાશન, આણંદનો હું ખૂબ ઋણી છું.

ભવદીય,
- જીવાભાઈ પ્રજાપતિ 'પતિત'

**જીવાભાઈ જે. પ્રજાપતિ**
**મુ.પો. કડાછલા - ૩૮૮ ૨૭૦**
**ઠે. પ્રજાપતિ નિવાસ**
**તા. લુણાવાડા, જિ. પંચમહાલ**

# અનુક્રમણિકા


૧. માનવ
૨. સહારે સહારે
૩. તું
૪. મારું મોત
૫. એક નજર
૬. હર્ષના હિંડોળે
૭. મા ! જલદી ઉગારો
૮. વાત
૯. હું ભમતો ફરું છું
૧૦. પોપટ
૧૧. ધન્ય હો સરદારને !
૧૨. પંક
૧૩. પ્રેમ મસ્તી
૧૪. શ્યામ મેઘ દ્રવતાં
૧૫. સૂર્ય
૧૬. લહાણું
૧૭. શાસક
૧૮. થાળીઓ પછાડો
૧૯. નગરીમાં
૨૦. દર્શન
૨૧. વેણુ વ્રજમાં વાગીજી
૨૨. મધમાખીને
૨૩. પિયુ યાદ આવ્યો રે
૨૪. કઠોરતા
૨૫. ભણકારા વાગે છે
૨૬. માણસમાં
૨૭. પ્રીત પાલવે બાંધી
૨૮. સ્મૃતિ
૨૯. આણ
૩૦. ધોળા બગલા
૩૧. તારો આધાર
૩૨. હું અને તું
૩૩. મા
૩૪. આભાર, દોસ્તો !
૩૫. આઠના સુમાર પછી
૩૬. યાદ
૩૭. ઘા
૩૮. હું દિલદાર છું
૩૯. મોંઘેરા મહેમાન
૪૦. મુમતાજનું શાહજહાનને સંબોધન
૪૧. તમે
૪૨. કામના
૪૩. એમ કર
૪૪. વિપતની વાત
૪૫. સાકી !
૪૬. તારા વિશ્વાસે
૪૭. સ્મરું તને
૪૮. હું જીવું છું
૪૯. સ્વયં શિક્ષકદિન
૫૦. પ્રીતમ ઝૂરે છે


# અનુક્રમણિકા


૫૧. રાસ રમે છે
૫૨. પ્રીત ન કરો કોઈ
૫૩. આપણા સંબંધો
૫૪. સહેવાય નહિ
૫૫. દીવાનો
૫૬. ક્હાનજી મારા
૫૭. મરણકાળ
૫૮. એક તું
૫૯. વૃધ્ધત્વ
૬૦. લાગે સૂનું ભવન
૬૧. રાધાશ્યામ
૬૨. ધીરજ ખૂટી છે
૬૩. પ્રેમમહેલ
૬૪. પછી તો
૬૫. સ્મરણ
૬૬. તડપાવ્યો હશે
૬૭. પ્રેમનગર
૬૮. અધઃ પાત થઈ
૬૯. હોળી આવી
૭૦. તને ગોતુ
૭૧. ક્હાન ગોરો છે
૭૨. હે જવાન !
૭૩. હું ચાહતો રહું
૭૪. કોને ભલા માનવા ?
૭૫. શીદ સતાવો શ્યામ ?
૭૬. ગાંઠ તૂટે છે ?
૭૭. સ્વ. વડાપ્રધાન ઈન્દિરાબેન ગાંધીને
૭૮. ભગવાન ક્યાં વસે છે ?
૭૯. પ્રેમબંધન
૮૦. ક્યારે મળીશું ?
૮૧. ભલાઈ બૂરાઈ
૮૨. દર્શન કરજો રે
૮૩. કાગ
૮૪. ઢોલ ઢબૂક વાગે
૮૫. એક ઈશનાં સંતાન
૮૬. પરોઢિયે
૮૭. હું આવ્યો છું
૮૮. સમણાં
૮૯. આંખે ઝરતાં અશ્રુ
૯૦. નડ્યા કરે છે મને
૯૧. માના નામે
૯૨. દિલનું પીગળવું
૯૩. એવું બને
૯૪. કાગળ
૯૫. તું બોલ
૯૬. દ્રોણને એક પ્રશ્ન
૯૭. મધરાતે
૯૮. મારી તારી વચ્ચે સાજન !
૯૯. મને આપજો
૧૦૦. હું નહીં બોલું

# અનુક્રમણિકા


૧૦૧. ભાળ મળે
૧૦૨. કર્ણની સ્વગતોક્તિ
૧૦૩. અનુરાગ
૧૦૪ નડવું નથી
૧૦૫. મધ્યાહ્ન ભોજનયોજના
૧૦૬. મોટા જન
૧૦૭. જો મને મળે
૧૦૮. હું વસું છું
૧૦૯. છોડ
૧૧૦. નેત્રપ્રેમ
૧૧૧. વાટ તારી જુએ
૧૧૨. કાજળકાળી રાત
૧૧૩. હું ઘેલી થઈ
૧૧૪. અલગ
૧૧૫. ઘર
૧૧૬. હું સ્મરું છું યાદ મધુરી તારી
૧૧૭. પ્રતીક્ષા
૧૧૮. કહેવી કોને માત ?
૧૧૯. જોયા કર
૧૨૦. માનવબૉંબ
૧૨૧. ધબકારા નથી હોતા
૧૨૨. યાદ આવી ગઈ
૧૨૩. નજરે ચડી છે
૧૨૪. પરખાતાં સારાં
૧૨૫. થઈ પણ જાય

## (૧) માનવ

અનેક રંગે રંગાતો માનવ
વિભિન્ન વેશે સજાતો માનવ

નિરાધાર અબળાનાં રૂપરંગ લૂંટી
સાવ નફફટ ન લજાતો માનવ

બજારબેન્ક લૂંટતા ક્રૂર હૈયે
જનસમૂહે ન શરમાતો માનવ

જળછલોછલ સરોવર વહાવી
કરુણાથી ન ઉભરાતો માનવ

ગ્રહી ઉરે પ્રપંચ મુખે મીઠી વાણી
અસલરૂપે ન વર્તાતો માનવ

રચી વિશ્વે સકલ દાનવશાસન
રામરાજ્યે શું ન હરખાતો માનવ ?



## (૨.) સહારે સહારે

હૂંફાળા પ્રેમથી જીવાશે સહારેસહારે
નાજુક નયન અંજાશે ઈશારેઈશારે

પ્રણયમાં ઓર રંગત આવી જતાં
સૂની શેરીમાં સંચરશે વિચારેવિચારે

એકાદ તાર છેડતાં પ્રેમથી કાં તો
હરતાર ઝણઝણશે સિતારેસિતારે

પ્રેમસાગરે જીવનનાવ ધપે છે
સામે કાંઠે પહોંચશે હેલારેહેલારે

કોના હાથવેંતે મંજિલ વસે છે ?
દિલદર્દ પરખાશે દીદારેદીદારે

હૈયાનાં હેત ખૂબ ઊણાં ઉતરે છે
કેમ પ્રેમરસ પીવાશે લગારેલગારે ?

સીનસીનરીમાં સૂઝબૂજે જડી છે
એ ભિન્નભિન્ન વર્તાશે જોનારેજોનારે

## (૩) તું

છે ફાટફાટ જોબને છલકાતી તું
છે રૂપરૂપના અંબારે હરખાતી તું

હોઠ મરકમરક સ્મિત વેર્યા કરે
છે સદા મધુરવાણી વહાવતી તું

ઘેનભર આંખો દર્શનાભિલાષી છે
છે પાંપણે સમણાં સજાવતી તું

ભાલે શ્યામ અલક હિંડોળાયા કરે
છે શુભ સૌભાગ્યચંદ્ર દર્શાવતી તું

લાલચટક ગાલ ખૂબ ગોરા છે
છે ગાઢ દેહાકર્ષણ જન્માવતી તું

કરાંગુલિના ટેરવાંનો સ્પર્શ છે
છે હ્રદે પ્રેમકથની આકારતી તું

રૂમઝૂમ ચાલે મંદ ઝમકાર છે
છે પ્રાણપ્યારા પ્રીતમને મનાવતી તું

## (૪) મારું મોત

આંખોની કીકીમાં ડોકાતું મારું મોત
જીવનની હડફેટે ઠેબાતું મારું મોત

શ્વાસની આવજાવમાં જકડાતું મારું મોત
કાળના ચકરાવામાં ચકરાતું મારું મોત

નિઃશ્વાસોના શ્વાસમાં ઘૂંટાતું મારું મોત
સ્મશાનની શૂન્યતામાં રીબાતું મારું મોત

હોઠના હુંકારમાં હિઝરાતું મારું મોત
દીવાની દીવેટમાં બૂઝાતું મારું મોત

ગામની ભાગોળેથી પાછું ફરતું મારું મોત
આજનું આવતીકાલ પર ઠેલાતું મારું મોત

જીવને મુઠ્ઠીમાં લઈ ભમતું મારું મોત
કોણ જાણે ક્યારે હશે લખાયું મારું મોત ?

## (૫) એક નજર

ફેંકતાં ફેંકાઈ ગઈ
અજાણતાં માદક નજર
મારી આસપાસના અસ્તિત્વના પોલાણમાં
સહસા મચી ગઈ ત્યાં કો અગમ્ય ચહલપહલ
એનાં મધુર સ્મરણોની માદક ભીનાશમાંથી
હજી ગઈકાલના મારા ભૂતિયામહેલમાંથી
આછાં દ્રશ્યાદ્રશ્ય થતાં
સળવળી ઊઠે છે ભૂતાવળો
મારા કાળજાને કોરે એવું ચોગરદમથી
શૂળનું ખંજર ભોંકાય બહુ સિફતથી
મૌનના પ્રતિઘોષનો હણહણાટ સંભળાય
વિફલતાની વેદનાનો નિઃશ્વાસ સરતો જાય
ક્યાં કરું એનો સમાવ ?
છે ઉરે સંકુલ ભાવ
ઉછળે થઈને મોજાં ભીંજવે ભીના ભેજથી
અકળ દીસે ઉતરાણ સ્મરણોના સેજથી
અવકાશના પોલાણમાં ક્ષિતિજની પેલે પાર
બસ, ઊંચેને ઊંચે વધતા પ્હાડોના પ્હાડ
શૃંગોના સહારે લટકી
હવામાં તરવા લાગ્યા

મારા મનના માની લીધેલ નિયત આકાશમાંથી
વિસ્તીર્ણ ભેંકારને ચીરતા તણખા ઝરવા લાગ્યા
એમાંથી રચાતું ગયું સ્વયં આછું
ધીમે એક અનેરું મોહક તેજવલય
ચોતરફ જોઈ નક્ષત્રોને ખેરવી
બ્રહ્માંડની પૂર્ણ કરી આખી સફર
હાશના આવાસમાં
પાછી ફરી મારી નજર

## (૬) હર્ષના હિંડોળે

હર્ષના હિંડોળે હું હીંચું
હર્ષના હિંડોળે
એકલવાયો હીંચું છું હું
હર્ષના હિંડોળે

વ્યોમે બાંધ્યો સ્નેહના દોરે શું તૂટ્યો કે તૂટશે ?
આવને ગોરી હીંચીએ સંગે હૈયાં હાલી ઊઠશે
પીએ પ્રીતે પ્રેમનો પ્યાલો
ઉરના ઉમંગે.... હર્ષના.

દિલ છે ભોળું પણ હઠીલું કેમ કરી હું હીંચું ?
હીંચું જયાં હું એકલવાયો હૈયું લેતું હીબકું
નેણનાં નેવાંને હું ભેદુ
સ્નેહના વલોણે.... હર્ષના.

કોણ તું સાચેસાચ છે આવી કોણે નાખ્યો હેલો ?
સપનાની એ યાદ મધુરી બની બેઠો રસઘેલો
દિલના દરિયે ડૂબકી દઈશું
સંગે રંગેચંગે.... હર્ષના.

## (૭) મા ! જલદી ઉગારો

હું ભવસાગરમાં ઘણું ભટકાયો
રખડી સંસારે તવ શરણે આવ્યો
છું મદે છકેલો ખૂબ તમસે ભરેલો
હું છું અજ્ઞાની સંતાપ સર્વ ટાળો
હે જગજનની ! હવે મને તારો
હેતે શિશુને મા ! જલદી ઉગારો

હે દેવી ! દેહનાં કષ્ટ હવે કાપો
ઉરે વસેલા ષડરિપુઓ શમાવો
પ્રજળાવ દુર્ગુણો અંતરે વસેલા
સર્વ સદ્‌ભાવ વસો મુજ હૈયે
કદી ખાલી ફેરો જાય ન મારો
હેતે શિશુને મા ! જલદી ઉગારો

તને શું વર્ણવું મમ કરુણકથની ?
કોઈ પ્રતિ ન હજો કઠોર મારું ઉર
જલાવી પાપ સર્વ દુઃખ મારાં કાપો
સદાભક્તિ અર્પો એમ હું યાચુ છું
હું છું બાળ તારો કદી અળગો ન ધારો
હેતે શિશુને મા ! જલદી ઉગારો

જાણેઅજાણે થયા હોય જે દોષો
કરો માફ મને ઓ, વિશ્વજનની !
દો આપત્તિકાળે સર્વ સહવાની શક્તિ
નિર્વિધ્ન પાર પડો કાર્ય મારાં
શ્રીમાઈ શરણંમમ । હું જપુ છું જાપો
હેતે શિશુને મા ! જલદી ઉગારો

રક્ષરક્ષ ઓ, ભવાની ! દિશેદિશ રક્ષ
ઉરે પ્રસરતા વેરભાવ ટાળો
છું કરુણામયી મંગલમયી તું ભવાની
સન્માર્ગે મુજ જીવન સદા પાર કરો
હું છું અનાથ છે એક તારો સહારો
હેતે શિશુને મા ! જલદી ઉગારો

## (૮) વાત

એક મટકું માર્યા પછીની વાત છે
પ્રેમની આ તો હજી શરૂઆત છે

બે દિલ મળી ઝૂમી ઊઠ્યાં પ્રણયાંગણે
આ નખરાળાં નેણનો ઉધમાત છે

તવ દર્શને વલખે રસ્તો રાતભર
આ દિલમાં પણ કારમો આઘાત છે

એકાંત પણ ગરજી ઊઠે વાચાળ થૈ
શી ખબર આ દિન છે કે રાત છે ?

પાદરેથી વાત પહોંચી ઘરઉંબરે
લોક કહે છોરાં કેવાં કજાત છે !

મળતાં રહ્યાં ભળતાં રહ્યાં મોહાંધ થૈ
વ્યથાવાત તણો આ વલોપાત છે

નવમાસ બાદ દેખા દીધી ધ્રુવતારલે
અણધાર્યો આ કોઈ ઉલ્કાપાત છે

જોરશોરથી ફૂંકાયો પ્રણયવંટોળિયો
ગામગામે સીમસીમે એ સાક્ષાત્ છે

કૂવે કાકા કરી કકળે કાળા કાગડા
આ પ્રેમનો નિપાત કે વ્યતિપાત છે

## (૯) હું ભમતો ફરું છું

ઓઢીને કફન સર્વસ્વ હું ધરતો રહું છું
મારી ચિતા નિશ્ચે હું રચતો રહું છું.

કાંટાળાં પુષ્પોની સુગંધી લેવા
ભમરો થૈ ઉપવને હું ભમતો ફરું છું

અષાઢીબીજને આમંત્રવા કાજ
મેઘ થઈ નભે હું ગર્જતો રહું છું

અસહ્ય એવી ઊની રણરેતમાં
મૃગજળ આમતેમ હું શોધતો રહું છું

તૂટી પડ્યો મહેલ મારી આશાઓનો
વર્તમાન પર ઈમારત હું ચણતો ફરું છું

અશ્રુધારા વહે ઢેલડીની આંખોમાં
મોર થઈ કળાઓ હું કરતો રહું છું

દીનદુ:ખિયાંને સધિયારો આપવા
દુ:ખનાં દર્દો હું વહેતો રહું છું

## (૧૦) પોપટ

એક ટહુકો આપો પોપટ
વૃક્ષે સ્થાન રાખો પોપટ
દેહે લીલી ચાદર ઓઢી
હરિયાળીમાં રાચો પોપટ
મનગમતા રંગે રાચી
કંઠે કાંઠલો રાખો પોપટ
ધીમા રવથી ચંચુપ્રહારે
લાલ મરચું કાપો પોપટ
પંજા સાબદા ટેકવી શાખે
સ્થાન નિશ્ચે રાખો પોપટ
જો પુરાયા સુવર્ણપિંજરે
મુખે રામ રાખો પોપટ
એકાંતની એકલતા કોરી
પિંજર કાપી નાખો પોપટ
ફરફરાટ પાંખ પ્રસારી
નભે ઉડ્ડયન રાખો પોપટ

આભે ઉડતાં પંખી જોઈ
મુક્ત મારગ રાખો પોપટ
ચરો જારના મોતી દાણા
ઠૂંડાં કાપી નાખો પોપટ
એક ટહુકો આપો પોપટ
મેના પાસે રાખો પોપટ

## (૧૧) ધન્ય હો સરદારને !

ધન્ય હો સરદારને ! મા ભોમની રક્ષા કાજે
જાનની બાજી લગાવી જગ તણા હૈયે રાચે
જય હો ભારતમાતની ધન્ય હો સરદારને !

દેશ તણી આઝાદી કાજે એમણે અંગ્રેજ તાક્યો છે
સરદાર સરીખા સારા જગમાં કોક વીરલા પાક્યા છે
જય હો ભારતમાતની ધન્ય હો સરદારને !

શિરે સાટે આઝાદી વરવા પંથ વિકટનો કાપ્યો છે
અગનપંથે ડગ ભરતાં દુઃખના તાપે તપ્યા છે
જય હો ભારતમાતની ધન્ય હો સરદારને !

અંગ્રેજ તણા માતેલા સાંઢને લોખંડી હાથે નાથ્યો છે
સ્વતંત્રતાનો સૂર્ય સળગે નિતનિત એવું જાચ્યા છે
જય હો ભારતમાતની ધન્ય હો સરદારને !

લોખંડી સપૂત સરદાર વીરમાનાં ધાવણ ધાવ્યા છે
જનતાજનાર્દનાર્થે અહીં સ્વાતંત્ર્ય સંદેશ લાવ્યા છે
જય હો ભારતમાતની ધન્ય હો સરદારને !

ધન્ય હો સરદારને ! ધન્ય પ્રેમળ માતને !
ધન્ય હો વીરહાકને ! ધન્ય નવલ પ્રભાતને !

## (૧૨) પંક

પ્રશાંત
ગહન વિદ્યાસરના
વિમલ જલસ્તરે
સંસ્કૃતિપદ્મની પરિમલ પ્રસરે
શીતસમીરસ્પર્શે મંદસુમંદ
તહીં ભીતરે ભ્રષ્ટ
છલોછલ છવાતો પંક

## (૧૩) પ્રેમ મસ્તી

આ હરિયાળી ભૂમિ પર
લીલાછમ વનોપવનના એકાંતપ્રિય પ્રદેશમાં
કે શહેરગામની આમતેમ વાંકીચૂકી શેરીમાં
આપણે બંને દરરોજ છાનાંમાનાં વારંવાર મળીએ છીએ
અનિમેષ નજરે પરસ્પર નિહાળીએ છીએ
ગુલાબીહોઠે મંદસ્મિત રેલાવીએ છીએ

આપણે બંને ક્યારેક રિસાઈ જઈએ
આપણે બંને કદી રીઝાઈ જઈએ
આજ તારે કેમ છે ? હાલ મારે આમ છે
અવારનવાર આમ મળવું ખરાબ છે

રોજ હળીમળી શું મેળવીએ છીએ આપણે બંને ?
પાછા વિહરતાં જાત ખોઈએ છીએ આપણે બંને ?
છીએ ખરેખર નાકકાન વિનાનાં આપણે બંને ?
છીએ ખરેખર ભાનબાન વિનાનાં આપણે બંને ?

આપણે બંને સદા પ્રેમમસ્તીમાં મ્હાલીએ
શું કદી કંઈ અમૂલ ચીજ ન પામીએ ?
બહેતર છે કે
આજીવન સહજીવન સાધી
પરસ્પર હાથેહાથ મિલાવી
આપણે બંને જીવનપંથ પર મક્કમ ડગ ભરીએ

## (૧૪) શ્યામમેઘ દ્રવતાં

ઊંચે આભથી
શ્યામમેઘ દ્રવતાં
ઝીણી ઝરમર નીચે
અધ્ધર ઉડતા કાગ જેવી
ઓઢેલ શ્યામલ છત્રીમાં
મંદગતિથી
ધીમા પગલે ચાલતાં
એકાએક ફૂંકાતા
તોફાની પવનના
જોરદાર હેલાથી
એનો કાગડો થતાં
સાવ કોરાંકટ આપણે
તનમનથી
છેક ઉભય ભીંજાયાં

## (૧૫) સૂર્ય

ઊગતા સૂર્યની લાલાશ
પૂર્વાકાશે સહસા ડોકાતાં
રાત્રિનાં ગાઢ અંધાર ચીરી
પ્રભાતના પ્રથમ પ્હોરે
ધરા પર ધીમેધીમે પ્રસરે
સપ્ત અશ્વો ખેંચતાં રથ
સૂર્યદેવની સવારી નીકળે

ગ્રહી હસ્તે જળતામ્રપાત્ર
ધરી સૂર્યાય નમઃ। વદી
જય હો ! હર્ષનાદે કરે વધાઈ
શીત વાયુની મંદ લ્હેરેલ્હેરે
લતાતરુવર ઝૂલણે ઝૂલે
પંખીઓના મધુર કલરવે
ભાગે નીરવતા ચહલપહલે
શીળી રજરજ રક્ત બની
થઈ દર્શને ધન્ય વસુંધરા

સનાતન કાળધર્મ બજાવી
નિરંતર દિનચર્યા કરતો
કદીક મેઘાચ્છાદિત થતાં
સંતાકૂકડી રમત રમતો
ઊર્ધ્વગામી મધ્યાહ્ને તપતાં
નમી નીચે ધરાઅંકે પોઢે
શમે ક્ષિતિજની પેલેપાર
આથમતા સૂર્યની લાલાશ

## (૧૬) લહાણું

સેજસમણે ફૂટતું વહાણું
મલ્હારરાગે ગવાતું ગાણું

દર્શનની શી પડાપડી છે ?
મંદિરે સૂચવાતું ઝાલરટાણું

પૈસોપાણી એકસમ નથી
બજારે ખર્ચાતું નગદનાણું

પ્રિયામિલનની તીવ્ર આશ છે
સ્મરણે ઝળહળતું લહાણું

ચોરકોર ફોરમ ફોરી છે
સર્જન મધમધતું માણું

## (૧૭) શાસક

તમે પહેરો તે હારતોરા છે
અમે પહેરીએ તે કાંટા

તમે ખાવો તે હલવોમીઠાઈ છે
અમે ખાઈએ તે સાંઠા

તમે શમિયાણે વદો તે ભાષણ છે
અમે કહીએ તે ઘાંટા

તમે મુખથી વદો તે વાણવર્ષા છે
અમે વદીએ તે છાંટા

તમે ચાલો તે અક્કડવટવંત છે
અમે ચાલીએ તે રાંટા

તમે શાસવો તે ચક્રવર્તિતતંત્ર છે
અમે શાસવીએ તે વાંટા

તમે ચાલો તે સીધા મારગ છે
અમે ચાલીએ તે ફાંટા

## (૧૮) થાળીઓ પછાડો

સ્વપક્ષનો રાજકીય છેડો ફાડો
કુસ્તીમાં ફેરવાઈ ગયો અખાડો

અહીં છાવણીમાં ઘીકેળાં ખૂટ્યાં છે
ખાલીખમ લો, આ થાળીઓ પછાડો

પોતાની જાતે આ ઘર તોડી પાડ્યું
દીવાલેદીવાલે પડી’તી તિરાડો

ખૂંખાર લશ્કર સાબદાં થયાં છે
ચોમેરથી સળગ્યો’તો સીમાડો

બધા ઉંદર નિજ દરમાં ઘૂસ્યા છે
ઓચિંતો આવી ચડ્યો’તો બિલાડો

ખૂણે ભરાઈ સૌ ઉજવે ઉજાણી
લોહસાંકળેથી ખૂલ્યાં’તાં કમાડો

## (૧૯) નગરીમાં

અહીં નગરીના એકલખૂણે
સૂની ફૂટપાથ પર
રાત્રિના ઘોર અંધારમાં
કારમી ચીસોથી ચીરાતું
શ્વાનમુખથી ચૂંથાતું
અત્રતત્ર આમતેમ આથડતું
દુર્વાસ શોણિતે નીગળતું
કોઈ મદભર નવયૌવનાના
ક્રૂર કોમળ કરવડે ફંગોળાયેલ
કણસે કો નવજાતશિશુ
શિથિલ કાયામાં ઉડે છે
કામાસક્ત માનવબદબો

## (૨૦) દર્શન

તારાં દર્શન છે દુર્લભ, હું હારી ગયો
તને પ્રત્યક્ષ જોતાં હું વારી ગયો

તારી અતિમનોહર મૂર્તિ છે
દેહે મખમલ સાડી ઝૂલતી છે
પગે છમછમ ઝાંઝર ઝૂમે છે
ફેરફૂદરડીએ અંબેમા ઘૂમે છે
જોઈ રૂપ અનુપમ, હું થાકી ગયો

શિરે મુગટનો ઝગારો છે
કનકદોર કેડે રૂપાળો છે
હસ્તે શંખ ચક્રાસિ ભાલો છે
ગદાત્રિશૂળ ધનુષ્યનો ધ્રૂજારો છે
જોઈ વિભિન્ન આયુધ, હું ઢળી ગયો

માને સિંહની રમ્ય સવારી છે
ભાલે ટીલડી અતિરૂપાળી છે
હેમકંકણ હસ્તે ઓપે છે
કનકકુંડળ કર્ણે શોભે છે
કરી દર્શન માનાં, હું તરી ગયો

## (૨૧) વેણુ વ્રજમાં વાગીજી

ભરબપોરે શાને આવી કહાનને લગની લાગીજી ?
કે વેણુ વ્રજમાં વાગીજી
ખળખળ કાંઠે નીર વ્હેતી જમના થંભવા લાગીજી
કે વેણુ વ્રજમાં વાગીજી
ચારો ચરતું ગોધણ થંભે ઘાસ મુખે ગ્રાસીજી
કે વેણુ વ્રજમાં વાગીજી
રૂડાં સમણાંની સોડ તાણીને સૂતી રાધા જાગીજી
કે વેણુ વ્રજમાં વાગીજી
સૂધબૂધ્ ભૂલી હાંફળીફાંફળી રાધા વ્રજમાં ભાગીજી
કે વેણુ વ્રજમાં વાગીજી
દૂરથી રાધા જોવા જતાં કદંબડાળ ભાગીજી
કે વેણુ વ્રજમાં વાગીજી
નીચે પડતા નટખટ કહાનને રાધા ઝીલવા લાગીજી
કે વેણુ વ્રજમાં વાગીજી
કાનુડાને ઘેલી રાધા શું ઝીલે ? માથે મોરલી વાગીજી
કે વેણુ વ્રજમાં વાગીજી
છાતીસરસી ચાંપી રાધા કહાન ભારે વરણાગીજી
કે વેણુ વ્રજમાં વાગીજી

## (૨૨) મધમાખીને

હે મધમાખી ! તું સંગ્રહખોર છે
ઊંચે ઉડતી નભે તું પાલવની કોર છે

તું સૂકી શાખા પર એકાંત ઝંખે
સહસા ઉડી તું દેહાંગે ચટકે
તું ડંખખોર છે

સંચિત કરે મધ અંધારે કોશાગારમાં
તું ન સમજે કૈં કશા વ્યવહારમાં
મુખે તંતુદોર છે

તું બણબણે એક પર એક થઈ
જાણે શ્યામ અભ્રની ઠઠ થઈ !
મધપૂડે મસ્તીખોર છે

કૃપણતાના કાંઠે સરે સ્વાર્થનો પરપોટો
કષ્ટસહી અન્ય કાજે કરે પરમાર્થ મોટો
નિજાનંદી તોર છે

## (૨૩) પિયુ યાદ આવ્યો રે

રૂમઝૂમ રૂમઝૂમ શ્રાવણ વરસે આંખે ઉભરે નેહ
કે પિયુ યાદ આવ્યો રે
વીજળડીના તેજઝબકારે ઉમટ્યા બારે મેહ
કે પિયુ યાદ આવ્યો રે
તરસી ધરતી તરસ્યાં પશુપંખી તરસી મનની આશ
અંગઅંગે જોબન છલકે છે હૈયે હળવી ભીનાશ
મનનો માણીગર અત્યંત સતાવે જાય સહ્યું ના જેહ
કે પિયુ યાદ આવ્યો રે
ભીની નભે વિહરતી વાદળડી ભરતી લાંબી ફાળ
શીતસમીરે વિખરી જતો ગાતાં મેઘમલ્હાર
પિહુ પિહુ બોલે પપૈયો શું છે મોરશોરનો છેહ ?
કે પિયુ યાદ આવ્યો રે
ચાંદસૂરજ તારાગણનાં ડૂબી ગયાં અજવાશ
અગાધ ઉરે સળવળતા ખૂટ્યા ધીરજના શ્વાસ
પ્રીત પીગળે પાલવકોરે ભીંજે સઘળો દેહ
કે પિયુ યાદ આવ્યો રે

ઢમક ઢમક ઢમ ઢોલ ઢબૂકે રેલે સૂર શરણાઈ
જોબનજોબન અવસર મળતાં અંતર જાય ભીંજાઈ
ચિત્ત આખું ચોરી લઈને ભારે દીધો છેહ
કે પિયુ યાદ આવ્યો રે
પ્રીતમ નામે ઓઢણી ઓઢી સોળે સજીને સાજ
સાવ સૂના હૈયાઘાટે જોઉ વ્હાલમ ! તારી વાટ
વેગે દોડી વ્હેલા આવો ઠારો અંતરે વેહચેહ
કે પિયુ યાદ આવ્યો રે

## (૨૪) કઠોરતા

જીવનની
વિસંગતતા ને વિસંવાદિતાની
ભયાનક વિષમ પરિસ્થિતિઓની
ચિત્રવિચિત્ર મહાકાય શિલાઓ વચ્ચે
અતિતીવ્રતાથી અડોઅડ ભીંસાઈ

પળપળ રીબાઈ અકળાતાં
વિલાયેલ વાચાળ મુખમાંથી
પૃથ્વી પર ક્ષણવાર
એકાદ વેદનાગ્રસ્ત કારમી ચીસ પાડવાનો
મને મુદ્લે અવકાશ રહ્યો નથી

## (૨૫) ભણકારા વાગે છે

આ દેશની બરબાદીના બધે ભણકારા વાગે છે
જનતાજનાર્દનની જીભે આહસિસકારા જાગે છે

ક્ષુધાપીડિત માનવની ખાસ કંગાલિયત જોતાં
જીવતા હાડપિંજરના જાણે ધીમા ધબકારા લાગે છે !

ઘડીઘડી ધૂત્કારે ભ્રષ્ટાચારનો ભોરિંગ ફેણ માંડી
ધરાતળે ફૂટતાં રાફડા સૌ સટોડિયા ફાવે છે

ગલીગલીમાં ભીખ માગી ભિક્ષુક માંડ પેટ ભરતા
બેફિકરા નેતાઓ આજ કયાં વચનદેતાં લાજે છે ?

મંચ પર ચડી માંધાતાઓ કરે છે શબ્દોની લ્હાણી
સિંહત્રાડસમી ધોરવાણીથી જાણે સકલ સભા ગાજે છે !

ચોરડફેર માફિયાનાં રાજ છે આતંકથાણાં બધે
ભયની ભૂંગળ ફૂંકાતાં ભીરુજન બિચારા ભાગે છે

ધોળેદહાડે લૂંટાય છે શિયળ અબળાનાં ભરચોકે
આઝાદદેશની દુર્દશા પેખી આંખે અંધારાં આવે છે

## (૨૬) માણસમાં

કૌતુક જોયું એક માણસમાં
ના કશો વિવેક માણસમાં

અકસ્માત ઊભા કરતો ચાલે
લાગે કશી ના બ્રેક માણસમાં

અચળ પર્વત જેવો દીસે
ટકી શકે ના ટેક માણસમાં

ધોળે લૂગડે છે ગાંધીજી જાણે !
ક્યાં રહી છે નેક માણસમાં ?

વચનમાં તો એવો છે કે
શબ્દોની ફેંકાફેંક માણસમાં

છે છોડ સપાટી પર ઊગેલો
મૂળ ઊંડેરાં છેક માણસમાં

## (૨૭) પ્રીત પાલવે બાંધી

પ્રીત પાલવે બાંધી મારા સાહેબા !
પ્રીત પાલવે બાંધી
અંતરના ઓરડે ગોંધી મારા સાહેબા !
પ્રીત પાલવે બાંધી
છું ભોળું પારેવું ઉડું ઊડા આભમાં
છું પંખીની પાંખ રૂડી ખરુ જરાવારમાં
પારધીએ નજરે નોંધી મારા સાહેબા !
પ્રીત પાલવે બાંધી
છું આંબાના ડાળની કોયલ નાજુકડી
ટહુકે વગડાની છાતીમાં પ્રીત સાચકલી
આભને લીધું આંબી મારા સાહેબા !
પ્રીત પાલવે બાંધી
ઉડે વ્યાકુળ નેણથી તિખારા તણખા
કાળમાળથી વેરાતા ક્ષણક્ષણના મણકા
લીધા રેશમદોરે સાંધી મારા સાહેબા !
પ્રીત પાલવે બાંધી
હતાં જન્મોજન્મનાં સાવ ભૂખ્યાં ને તરસ્યાં
ઉભય ઓળઘોળ ઉર મન મૂકીને વરસ્યાં
જમતાં ભોજન રાંધી મારા સાહેબા !
પ્રીત પાલવે બાંધી

## (૨૮) સ્મૃતિ

ગુલગુલાબી ગાલની છે શોભા ઘણી
નિત નજર ઢળતી તારા ભણી

ઉરે નિશદિન હયાતી હોય છે
પ્રેમની વાવણી હોંશભેર લણી

આ ભવે કયાં મિલન શક્ય છે ?
હારી ગયોછું જુદાઈની ક્ષણો ઘણી

આ ધરાતલે કયાં છૂપાઈ છે તું ?
પગનીચે ખૂંચ્યા કરે છે કણી

રૂસણાંની ઓર રંગત હોય છે
જીભની વાણી સકલ લીધી હણી

સ્મરણ સદા સતાવતું હોય છે
વેદનાની વાત લીધી હૃદે વણી

## (૨૯) આણ

રમ્ય પ્રકૃતિસભર
સૌમ્ય ધરાતટ પર
મહામૂલા વૈભવશાળી રાજમહેલમાં
સુશોભિત વિશાળ સભાખંડમાં
રત્નજડિત સિંહાસને વિરાજેલ
ઊંચે અગાધ આભ આંબવા
આંખોમાં તરવરાટ અનુભવતી
રત્નાભરણોથી દેહે વિભૂષિત
એક સ્વરૂપવાન રાજકન્યા
પ્રસન્નમુખે મંદસ્મિત વેરે છે

એના વિજયડંકા વાગે છે
વિજયપતાકા ફરકે છે
યશોગાન ગવાય છે
સૌ વારણાં લે છે
બધા પાયલાગણું કરે છે
ખમા કરો એમ કહે છે
જાનકુરબાન કરે છે

ચોમેર ભીડેલ અકબંધ દરવાજે
બંધ સકલ બારીબારણે
એ સદૈવ સુરક્ષિત છે

દર્શનાર્થીઓનાં ટોળાં ઉમટે છે
આંખોમાં આનિમેષ મીટ મંડાય છે
સર્વત્ર અપાર શાંતિ છવાય છે

બધે અભેદ્ય આણ વર્તાય છે
કોઈ જાણતલની જાણ થાય છે

ભ્રમના ભેદ ખૂલે છે
મર્મના છેદ ઉડે છે
એકાએક માગ ઊઠે છે
અવ ત્વરિત ઉઘાડો દ્વાર
માનવમહેરામણના આરે
આમ શી આળપંપાળ ?

## (૩૦) ધોળા બગલા

જળાશયમાં ફરતા રહે ધોળા બગલા
મફત મીન ચરતા રહે ધોળા બગલા

ધ્યાન ધરી ખડેપગે કોનું એકચિત્તે !
નામરટણ કરતા રહે ધોળા બગલા

અવસર તાકડાનો મળતાં સહેજે
ચંચુપ્રહાર કરતા રહે ધોળા બગલા

પળપળ ન્હાતી કાયા સ્વચ્છ જળમાં
માયામાં મરતા રહે ધોળા બગલા

અહીં બગભગતોની કયાં છે નવાઈ ?
ઠેરઠેર દીસતા રહે ધોળા બગલા

અવસરટાણે અદશ્ય થઈ જતાં
અટાણે ફરકતા રહે ધોળા બગલા

તનથી તરસતા રહે ધોળા બગલા
મનથી મલપતા રહે ધોળા બગલા

## (૩૧) તારો આધાર

મારા જીવનનો ભાર પ્રભુ ! મેં તારા શિર પર નાખ્યો છે
છોડી સઘળો સંસાર પ્રભુ ! મેં તારો આધાર રાખ્યો છે

ભલે આભ ખરે અંગાર ઝરે સઘળું સહવાની શક્તિ દે
ભલે દુઃખનો દરિયો ઘૂઘવે પણ તારી અવિચળ ભક્તિ દે
તમે નસનસમાં વસી મને ચેતનવંતો બનાવ્યો છે - મારા.

અહીં ધર્મ ફરે અધર્મ ચરે એ સઘળું તમે વહેતું કરો
તમે સત્યરૂપે પ્રગટીને ધર્મ પુનઃપ્રસ્થાપન નિશ્ચે કરો
તમે યુગયુગે જન્મ ધરી ધરતી પર ધર્મ ટકાવ્યો છે - મારા.

છે આળસભરેલો દેહ મારો જરા ઝંખવાતી આંખો છે
છે ઘોર રજનીમાં ચાલવાનું આ મારગ ઘણો ઝાંખો છે
તમે તારાઓમાં ટમટમી નભે ચાંદસૂરજ સળગાવ્યો છે - મારા.

છે કાયા માટીનો જડ ઢેર હું નર છું તમે નારાયણ છો
તમે વેદે પુરાણે પ્રગટેલા હે બ્રહ્મ ! તમે મારું રામાયણ છો
જળમાં કમળવત્ રાખી મને સંસાર પાર કરાવ્યો છે - મારા.

હું જોગી છું હું ભોગી છું હું રાગી છું વળી ત્યાગી છું
હું દાસનો દાસ બનીને તવ ચરણે રહેવા માગું છું
તમે અણુઅણુમાં વ્યાપી સચરાચરમાં ઉભરાયા છો - મારા.

## (૩૨) હું અને તું

જીવનભરનાં સાથી છીએ હું અને તું
એકમેકમાં ભળી જઈએ હું અને તું

એક નદીના આપણે છીએ સામસામા કાંઠા
સ્પર્શીને પ્રવાહે વહીએ હું અને તું

મેઘમહીં લપાતી વીજળી મારે ઝબાકા
કોરાં હૈયાં ભીંજવી દઈએ હું અને તું

જીવનના ઊંચા પ્હાડનાં ચડાણ છે કપરાં
હાથેહાથ સાહીને રહીએ હું અને તું

આકાશે વિહરતાં કાળ કાપે પાંખો
અણઉડણના ઘા સહીએ હું અને તું

## (૩૩) મા

મૃદુ તનાંગોને
સખત પરિશ્રમથી નિચોવી
સ્વકીય પ્રિયશિશુકાજ
તનમનધનથી અહર્નિશ સ્વેચ્છાએ
સર્વસ્વ ન્યોછાવર કરતી
સંસારના ત્રિવિધ તાપ સહેતી
પળપળ નવપ્રાણ રેડતી
નિર્વ્યાજભાવે હેતહેલી વર્ષાવતી
મધુર સાદે ચોમેર પડધાતી
નેત્રે સદા હર્ષાશ્રુ વહાવતી
અનિમેષ નજરે પ્રતીક્ષા કરતી
બાળમુખ જોઈ ઉલ્લાસતી
વ્હાલપ વેરતાં હરખાતી
સદૈવ સુખે રાચતી
અત્યંત દુઃખે દાઝતી
એવી અનન્ય ને અજોડ જનનીને
કરદ્વયે વંદન કરીએ વારંવાર
આજીવન અવિસ્મરણીય સદા
હે મંગલમૂર્તિ કરુણામયી મા !

## (૩૪) આભાર, દોસ્તો !

સજ્જનોને સંકટમાં કંઈ સાર લાગે છે
કે વધસ્થંભને ઈશુનો ભાર લાગે છે

નેવાંનાં પાણી મોભે ચડતાં નથી દોસ્તો !
કે પાણીને ઉતારનો ભાર લાગે છે

પાનખરે તો પાંદડાં ખસૂસ ખરવાનાં દોસ્તો !
કે પર્ણોને વસંતનો ભાર લાગે છે

ઊંચી મહેલાતોમાં હવે જામી ગયાં છે જાળાં દોસ્તો !
કે ચણતરને ઈમારતનો ભાર લાગે છે

પથરો ફેંકતાં જળમાં વલયો વિસ્તરવાનાં
કે પાણીને ખૂબ તીખો માર લાગે છે

ડરીને મોત મુજથી દૂર ભમતું ફરે છે હરદમ
કે મોતને જીવતરનો ભાર લાગે છે

મને પડતાં આથડતાં તમે બહુ જાળવ્યો દોસ્તો !
કે સમયને સરતાં સ્હેજ વાર લાગે છે

હવે સબૂર કરો દોસ્તો ! બસ, તમારી મહેરબાની
કે 'પતિત' ને અહેસાનનો ભાર લાગે છે

## (૩૫) આઠના સુમાર પછી

વિદેશની ભૂમિ પ્રતિ
કેનેડા પ્રયાણ કરતાં
સમૃધ્ધ અમદાવાદના
વિશાળ એરપોર્ટ પર
વસમી વિદાય વેળાએ
અન્ય સ્વજનોની જેમ
ઝંખે
મારું સૂમસામ હૈયું
એકલું ને અટૂલું
પ્રિય જમાઈ અરવિંદ
વ્હાલી પુત્રી મિતલ
દોહિત્રી પ્રાચી ટિવંકલ
તા. ૩૦/૫/૨૦૦૬ ને
મંગળવારની રાત્રે
આઠના સુમાર પછી
મનમાં તાજી સ્મૃતિસહ
મારા ને ઉભય ભગિની
નામે મનીષા જિજ્ઞા તથા
નાની બાલિકા હરિશ્રીના
દૂર ગામના ઘરભણી
પાછા જવા ન ઊપડતા
જાણે અશક્ત પગ
માંડમાંડ ધીમે ઊપડ્યા !

## (૩૬) યાદ

હું
સદ્યસ્નાત કેશ ઓળતાં
ધવલ સ્ફટિક શા ચકચકિત સ્વચ્છ દર્પણે
દેખતાં આરપાર ઝૂલું

મ્લાન વદને
અનિમેષ નજરે તાકતાં
પડઘાતો એકાએક અતીત ટહુકો

તાજો તવ મોહક ચહેરો
જાણે મારી કાળીભ્રમર કીકીમાં સળવળે !
તત્ક્ષણ હળવેથી ફરી પીઠ પાછળ જોઉ તો
મારા માનસપટમાં
મસ્તીએ ઉછળે છે યાદનો મહાસાગર

## (૩૭) ઘા

અહીં
દીર્ઘ જીવનપંથે
ભલાઈનો ભગવો ઝભ્ભો પ્હેરી
સજ્જન થવા નીકળતાં
મારા નાજુક દેહ પર
ક્રૂર હસ્તે કરેલા
પથ્થરોના ઉપરાઉપરી કારમા ઘા
હું વિવશપણે અનવરત ઝીલી રહ્યો છું

## (૩૮) હું દિલદાર છું

હું તારો દિલદાર છું
મૃદુ ઉરની આરપાર છું

એકેક વીંધાતાં મોતી
રેશમીતંતુનો હું તાર છું

આંખે વિખેરાતું સમણું
પાંપણે પથ્થરનો હું ભાર છું

બજે જીવનજંતર બેસૂરું
રાગરાગણીનો હું ઝંકાર છું

કિતાબો બધી પડઘાતી
જીવાતા જીવનનો હું સાર છું

## (૩૯) મોંઘેરા મહેમાન

હે મોંઘેરા મહેમાન !
તમે છો મારા ઘરની શાન

ઘનતિમિરે તેજ પથરાતાં
ભાવભરેલાં ઉર ઉભરાતાં
છલછલ આંખે નીર વહે
ઉર અતલ લ્હાવ લહે
ગાતું ટોડલે પંખીગાન

દૂરદૂરના છો પ્રવાસી
તમારા દર્શને જતી ઉદાસી
ઘરી ચરણે સેવાદાસી
પુનિત પાયથી છો નિવાસી
છે પાવન ગૃહચોગાન

તમે ગોકુળ તમે છો કાશી
જાણે સાક્ષાત્ પધાર્યા અવિનાશી !
છે પ્રેમાતુર આંખો પ્યાસી
છલકે છે સ્નેહનો જલરાશિ
પુનઃ પધારો હે મહેમાન !

## (૪૦) મુમતાજનું શાહજહાનને સંબોધન

હે શાહજહાન ! કીમતી આરસપહાણમાં કંડારી
આપણો ઉભય નેહ તેં કરી ભારે કમાલ

પ્રેમપ્રતીકસમ કલાયુક્ત સ્વપ્ન શો સોહામણો
રોપી દીધો તેં આગ્રાની છાતી પર ભવ્ય તાજમહાલ

કિંતુ હે વહાલમ ! આશ્ચર્યમુગ્ધ થતા પ્રેમીજનોને નીરખી
તને પૂછવાનું એટલું કે એમાં ઢબૂરી મારો દેહ

દીર્ઘકાળપર્યંત એના નીચે દટાઈ મરવાનું છે એમ
લખી લલાટે મારા તમે દીધો મને આજન્મે ભારે છેહ

## (૪૧) તમે

નિર્ઝર સરિતજલ વ્હેતા છો વિરાટ સાગર તમે
વિસ્ફાટ તરંગજલની છીએ ખારાશભરી બુંદ અમે

પડે દગ જયાં પામવા વિસ્તાર લઘુક નીવડે
દિલના ગહન ઊંડાણને કેમ એ પામી શકે ?

થૈ અપરિચિતોમાં પરિચિત આજ ઠરે આંખડી
સકલ દિલે છવાઈ વળે સુભગ તમારી ગંભીરતા

તમારી હસ્તીએ મેઘ આજ ખાંગા થઈ નભે ઉતર્યા
ૠજુ અમ અંતરે સ્નેહવર્ષા સદા વરસી રહી

જ્યમ જોગ નક્ષત્રસ્વાતિનો પડે જલબુંદ છીપમાં
કાળે મુક્તાફળ નીવડે મથું પામવા હું મરજીવા

વિમલ સકલ દગ થયાં ધન્ય અમ તમારા દર્શને
પામુ અનંત સાંનિધ્ય ન જાણું હૃદયની શી ગતિ !

શિક્ષણ તણો આત્મા સદા ડોકિયું કરતો હતો
પરગજુ જીવે સર્જ્યું રૂડું જગે નંદનવન

શાંત ગહન સાગર સમા છો પ્રસન્નચિત્તના ૠષિ
પીને વચનામૃત પાવન થૈ સકલ જીવસૃષ્ટિ

**શ્રેયસ હાઈસ્કૂલ, બાલાસિનોરના**
**માનનીય આચાર્યશ્રી મૂળશંકર રા. ઉપાધ્યાયના**
**નિવૃત્તિકાળ પ્રસંગે તા. ૩૦/૧૦/૯૩ ના રોજ સન્માનપત્રરૂપે સમર્પિત**

## (૪૨) કામના

માનવ વાંછે નામના
છે શાશ્વત ઉરે કામના

હોઠે ઝાંખી કેમ લાલિમા ?
ડાઘ અંકિત છે જામના

કુકર્મોની કરી કમાણી
ખુદ કહે છે બંદા રામના

રચી મહેલાતો કહે છે
છીએ ધૂળિયા ગામના

આભધરાને ભીડે બાથ
તે સ્વયં છે અંતે ઠામના

હાડમાંસનો છે પિંડ માનવ
ભાવ ઠરે છે ચામના

પથ્થરખચિત છે દેવ જુદા
પૂજે છે પ્રેમે ધામના

## (૪૩) એમ કર

આંખને શાતા મળે તું એમ કર
મનની મુરાદો ફળે તું એમ કર

યુગયુગાંતરથી સતત ઝંખતો રહ્યો
બેચેન દિલને કળ વળે તું એમ કર

મારું ગમન તવાગમન વિષમપળે
રસ્તા કદી ન ટળવળે તું એમ કર

કોકિલ જેમ હું કેટલું ટહુક્યા કરું ?
નિર્જન વગડે સૂર ભળે તું એમ કર

તવધારણા ધરી એકાંતે બેઠો છું
સિધ્ધમુનિનાં મન ચળે તું એમ કર

કોમળાંગુલીથી માપ પ્રેમભીનાશને
ઉભયઉર ઝળહળે તું એમ કર

શેર આગવા ગઝલે સદા ઢાળ તું
વિહરું અર્થચ્છાયા તળે તું એમ કર

## (૪૪) વિપતની વાત

કંટકોના પંથ પર ફરી રહ્યો છું
ઊની રણરેતમાં સરી રહ્યો છું

પીઠ પાછળ ખંજરો ભોંકાય છે
વેદનાઓ અંતરે ભરી રહ્યો છું

દાવ તેં આઘાતના ખેલ્યા કર્યા
હું વાત વિપતની કરી રહ્યો છું

આંખને ઉજાગરાની છે આદત
ભીનાં સ્મરણોમાં ખરી રહ્યો છું

લો, ઝંખના તારણની ડૂબી ગઈ
સ્નેહના સરોવરે તરી રહ્યો છું

વાયરા ફૂંકાય છે અળવીતરા
મીણજેમ હળવે ઠરી રહ્યો છું

અમૂલખ ચીજની શી વિસાત છે?
પુષ્પગુચ્છ સોગાતે ધરી રહ્યો છું

## (૪૫) સાકી !

સીમ ખેતર ગયાં'તાં, સાકી !
મોજીલાં મન મોહ્યાં'તાં, સાકી !

કિચૂડ કિચૂડ કોશનાં પાણી
નીકે વ્હેતી જળસરવાણી
ખળળ નીર સર્યાં'તાં, સાકી !

ખેતરશેઢે સારસ ટહુકી
પ્રેમપાશની વેરાતી ભૂરકી
આંખે આંસુ વહ્યાં'તાં, સાકી !

વા વ્હેતાં વેગીલો વગડે
મોલમોંઘો લ્હેરાતો સઘળે
દિલદર્દ સહ્યાં'તાં, સાકી !

ડાળેડાળે છે પંખીટહુકા
ચમકે છે ડૂંડે મોતીદાણા
દુઃખદરિયે ડૂબ્યાં'તાં, સાકી !

કંચનવર્ણી છે કાયા, સાકી !
સાચકલી છે માયા, સાકી !
આજન્મે મળ્યાં'તાં, સાકી !

ઉભયઉર ભળ્યાં'તાં, સાકી !
અંગઅંગે છે સ્થાપી, સાકી !
રોમરોમે છે વ્યાપી, સાકી !

## (૪૬) તારા વિશ્વાસે

તારો મને લાગ્યો છે નેડો, જગદંબા !
ભવપાર કરી દે બેડો, જગદંબા !

હું ભૂલવા મથું પણ ભૂલી શકું ના
તારાથી અળગો જીવી શકું ના
મારા રોમરોમે વસેલી, જગદંબા ! - તારો.

આવ્યો છું તારા દ્વારે દર્શનાભિલાષે
પૂરો મનના કોડ મારા છું તારા વિશ્વાસે
ભક્તોની વહારે ચડેલી, જગદંબા ! - તારો.

તેં શરણે આવેલા ભક્તોને તાર્યા છે
દુષ્ટોને દઈ દંડ તેં સંહાર્યા છે
રણચંડી ! ભક્તોની ભજેલી, જગદંબા ! - તારો.

## (૪૭) સ્મરું તને

મને ખાવા ધાયે તુજ વિણ પ્રિયે ! ગૃહ સઘળું
વળે પાછા તોયે અડગ ડગલે દાદર ચડું
પલંગે બેસી ત્યાં જળમધુર દે એમ વદતાં
જરા પીતાં પ્યાલે તવમુખ પરે છાંટ કરતો
સમીપે થાતાં તું સબળ કરની બાથ ભરતાં
વળેલાં વાતોએ અરસપરસે હૂંફ લહતાં

અને દીધા કોલો જીવનભર ના સાથ ત્યજવા
હજીય સ્મૃતિના મૃદુલ હૃદયે ડંખ સહવા
તમે ત્યાં ઉમંગે ગત સમયનો થાક હરતાં
નિરાંતે બેસીને સહિયર બધી વાત કરતાં
અહીં આ હૈયું તો નિશદિન સ્મરે ઘાટ પરથી
વસો છો ત્યાં રોષે પિયરગૃહમાં બે વરસથી

ગયાં છો એરીતે વ્યથિત ઉરમાં દાહ દઈને
સ્મરું હૈયે તોયે પ્રતિપળ તને નામ લઈને

## (૪૮) હું જીવું છું

ઉરે ઘૂંટાય છે ગહન વિષાદ હું જીવું છું
ન કર્ણે કૈં પ્રતિસાદ હું જીવું છું

છે અધૂરાં સપનાં ઉરઅરમાન પણ અધૂરા
શમ્યા રાગદ્વેષ સકલ વિવાદ હું જીવું છું

છે જીર્ણવસ્ત્રોમાં જીર્ણકાયે મન મૂંઝાતું
છે ખોડંગ ખાટ સમો લેબાસ હું જીવું છું

એ લઘુકઘર બારીદ્વાર શેરીના સંકુલરસ્તા
સુણુ અસ્પષ્ટ મંદ નિનાદ હું જીવું છું

મુખપ્રતિ હળુકગ્રાસે અતીત વાગોળું
છે અદૃષ્ટ અંગે ઉન્માદ હું જીવું છું

છે જીવન પીપરમીટ ખટમીઠા અનુભવોની
ન જિહ્વાગ્રે અવ આસ્વાદ હું જીવું છું

## (૪૯) સ્વયંશિક્ષકદિન

છાત્રો ભણાવો હોંશથી આજ આવ્યો સ્વયંશિક્ષકદિન
પોશાક પહેરો મોજથી આજ આવ્યો સ્વયંશિક્ષકદિન

શિક્ષણની ઉચ્ચ આહલેક થકી વર્ગખંડો ગજવી મૂકો
લજવો ન શિક્ષણ લાંચથી આજ આવ્યો સ્વયંશિક્ષકદિન

બાળક શું? દેશ આખો એકદમ પરિવર્તિત થશે
સુધરે શિક્ષણ જાંચથી આજ આવ્યો સ્વયંશિક્ષકદિન

આજ શાળામાં સ્વયં છાત્રો વેશ શિક્ષકનો ભજવશે
ઉત્સવ ઉજવે ખાંતથી આજ આવ્યો સ્વયંશિક્ષકદિન

મગજનાં જ્ઞાનપિપાસાથી દ્વાર બંધ ખોલી નાખો
લૂંટો ખુશી ભરફાંટથી આજ આવ્યો સ્વયંશિક્ષકદિન

માનમરતબો પામવા મોટા ફંડફાળા એકત્રિત થશે
શોભે શિક્ષક જ્ઞાનથી આજ આવ્યો સ્વયંશિક્ષકદિન

યાદ કરો ડૉ. રાધાકૃષ્ણનની કુરબાની ને મહેરબાની
પામો શિક્ષણ પ્રેમથી આજ આવ્યો સ્વયંશિક્ષકદિન

## (૫૦) પ્રીતમ ઝૂરે છે

વહુવારુ સાસરે તેડી કેમકે પ્રીતમ ઝૂરે છે
પરહરી પિયરની કેડી કેમકે પ્રીતમ ઝૂરે છે

ઝીણી ઝરમરધારે મેહુલો વરસે છે
તેજીલા અશ્વે પંથ ખેડી કેમકે પ્રીતમ ઝૂરે છે

મંથરગતિએ ધપે છે આગળ અસવાર
પેંગડે મારી એડી કેમકે પ્રીતમ ઝૂરે છે

મેંદીરંગ્યા હાથે નવસાજ સજેલ છે
સૂમસામ છે મેડી કેમકે પ્રીતમ ઝૂરે છે

સૂધબૂધવિહીન દેહે નવપ્રાણ પૂરે છે
રગરગે રુધિર રેડી કેમકે પ્રીતમ ઝૂરે છે

પુષ્પશય્યે સૂતાં રાતે ઓરતા ફૂટે છે
પ્રેમના તારેતાર છેડી કેમકે પ્રીતમ ઝૂરે છે

પાલવબધ્ધ પ્રીતમમોર કળાયેલ છે
સેવેલ સ્વપન વેડી કેમકે પ્રીતમ ઝૂરે છે

## (૫૧) રાસ રમે છે

જશોદાનો જાયો રે નંદનો દુલારો રે
ઉમંગે રાસ રમે છે રાધા સંગમાં

છે માથે મુગટ રૂડો મુખે બંસી વાગે
ઝબકીને શયનગૃહે ઘેલી રાધા જાગે
વૃંદાવન આવ્યો રે ગોધન ચરાવ્યો રે
ખૂબ આનંદ છવાયો અંગઅંગમાં

પીળુ પીતાંબર પ્હેરી ઊભા છે જમનાઘાટે
કાલિન્દીનાં વ્હેતાં પાણી થંભી ગયાં છે આજે
સૂર રેલાયો રે રગરગે છવાયો રે
વ્રજ આખું આજે છે આનંદમાં

મોરપિચ્છધારી કહાન સોહે રૂડો આજે
વેણુના નાદે મીઠા બ્રહ્માંડ આખું ગાજે
હૈયે ઉભરાયો રે હેતે ભીંજાયો રે
નાચે કહાન આવી અતિરંગમાં

## (૫૨) પ્રીત ન કરો કોઈ

પ્રીત પરાઈ ન કરો કોઈ
વીતે હરપળ યાદમાં રોઈ

પ્રેમપાત્ર વિરક્ત છે
તલસે હોઠ વારંવાર જોઈ

પ્રેમ પાવકજવાળા છે
પ્રજળે ઉર સૂધબૂધ ખોઈ

આંખો અશ્રુદરિયો છે
હલમલે આંતરનાતો હોઈ

પ્રિયજન પ્રાણાધિક છે
સ્મરુ નિત અશ્રબુંદ ટોઈ

## (૫૩) આપણા સંબંધો

છે અરસપરસ આપણા સંબંધોનું છૂટવું
છે દીવાવાટે વ્હેતા ધીમા તેલનું ખૂટવું

સ્પર્ધાનો દીદાર સજી છે ઊભા ચહેરાઓ
છે અવસરટાણે મોંઘાં દર્પણોનું તૂટવું

જાગતા રહોની બુમરાણ પોકારી રાતભર
છે ખૂબ સિફતથી તસ્કરોનું લૂટવું

જીવતેજીવ દરકાર કીધી ના ધણીની
છે મૂઆબાદ છાતીફાટ બૈરાનું કૂટવું

ધરતીને જાણે કોઈ રંગ મળ્યો છે !
છે પ્રથમ ઝાપટે કેવુ ઘાસનું ફૂટવું !

માનવીમાં માણસાઈનો છાંટો ક્યાં છે ?
છે આજીવન વારંવાર શ્વાસનું છૂટવું

## (૫૪) સહેવાય નહિ

જુલ્મગારોના જુલમ ઝાઝા કદી સહેવાય નહિ
ઉરની અસહ્ય વેદનાઓ મુખથી કહેવાય નહિ

આભ આખું ઊચકીને નાખ્યું છે સહસા શિરે
ડગ માંડતાં અવની પર સ્થિર કદી રહેવાય નહિ

જુલ્મનાં શસ્ત્રો બધાં એકસામટાં વરસી ગયાં
કેમ ઉઘાડા તનપર એ બધાં ભોંકાય નહિ ?

ક્રૂરકાળ ઝંઝાવસ્ત્રો હરપળે ફેંકે છે હોંશે
આ જખ્મી દેહ પર એ કદી પહેરાય નહિ

વ્યગ્રતાના વાયરા ખૂબવેગથી વહી ગયા
છે બધે તોફાની રત કેમ એ લહેરાય નહિ ?

હોઠ પર છે હાસ્ય કિંતુ દિલમાં છે દિલ્લગી
લાગણીનાં પુષ્પ જીવનબાગમાં મહેકાય નહિ

## (૫૫) દીવાનો

આ કેવો ચિત્રવિચિત્ર જમાનો છે ?
અહીં ઈચ્છાનો અમૂલ ખજાનો છે

રસ્તાઓ રવડ્યા કરે છે સતત ખોજમાં
એ માશૂકનો મનમાનીતો દીવાનો છે

જ્યોતજલનથી દૂર ખસ ઓ, પતંગા !
ખુદ શમાનો અસલ પરવાનો છે

લઈ હસ્તે કલમ કૈંક પ્રારંભ કર
પ્રેમ ઉભયઉરે ચીતરવાનો છે

કેવી માદક રંગતે ઝળુંબ્યો છે પ્રણય !
ચોરેચૌટે લોકમુખે ચર્ચવાનો છે

ખૂંપે છે નજર અરસપરસ આંખખૂણે
નિત નવનવોમ્નેષે સ્મરવાનો છે

થનગનતું હતું બેફામ અધીરું ઉર
રૂપના દરિયે ડૂબી તે મરવાનો છે

## (૫૬) કહાનજી મારા

આંખોમાં સૂતા’તા કહાનજી મારા
સમણાંમાં છૂપ્યા’તા કહાનજી મારા
મારા કાળજે કંઈ કંઈ થાય
સૈયર મોરી ! નટખટ કહાન હવે ક્યાં છે ?

બેસી કદંબડાળે બંસી બજાવતા’તા
જોતાં યમુનાજળે ઝોકાં ખાતા’તા
પંખીકલરવમાં સૂરો ડૂબતા’તા
ગોપીઓ સંગે સ્વચ્છજળે ન્હાતા’તા
ફૂલડાંમાં ફૂટ્યા’તા કહાનજી મારા
સૈયર મોરી ! નટખટ કહાન હવે ક્યાં છે ?

વૃંદાવનમાર્ગે ગોપીઓના સંગમાં
રમતા હતા રાસ અતિઉમંગમાં
ધાવતાં વચ્છ ગાયો વછોડતાં
પીળા પીતાંબરે આંસુ લોહતા’તા
દિલમાં ખૂંપ્યા’તા કહાનજી મારા
સૈયર મોરી ! નટખટ કહાન હવે ક્યાં છે ?

ગોપીઓ પાસે દધિદાન માગતા’તા
ભીના પાલવથી જોશે બાંધ્યા’તા
રાતે રૂઠ્યા’તા કહાનજી મારા
દિને લૂંટ્યા’તા કહાનજી મારા
વરણીમાં ચૂંટ્યા’તા કહાનજી મારા
સૈયર મોરી ! નટખટ કહાન હવે ક્યાં છે ?

## (૫૭) મરણકાળ

વળી ટોળે નારી શબ સમીપ આક્રંદ કરતી
ધરી હૈયે ગ્લાનિ સજળનયને શોક હરતી
અને ત્યાં થીજેલાં સકલજનનાં ઉર દહતાં
સ્મરી કીર્તિગાથા મૃત સ્વજનની યાદ લહતાં
રડી પ્રિયા પોકે પ્રિયવદનને અંક ધરતી
પ્રસારી બાહુને નિજ સ્વજનને બાથ ભરતી

થયાં વેરી વર્ષો તમવિણહવે એમ વદતી
સમીપે બેસી ત્યાં સહિયર બધી હૂંફ ભરતી
ભરાઈ ખૂણે કો ગદગદ સ્વરે બાળ રડતું
રડે વૃથા શાને ? અવરહૃદયે ખેદ વધતો
રડે માતા લોકો સહજમનમાં યાદ સરતાં
રડી છે એ સંગે જદપિ સઘળાં બાળ રડતાં

હવે હોંશે મારે જનમ મરણે દાવ કળવા
વળી હૈયે મારે શિશુસહજ શા ભાવ ધરવા

## (૫૮) એક તું

લહુ અખિલ વિશ્વના અણુઅણુમાં એક તું
સકલ ધર્મસંપ્રદાયમાં ચૈતન્યરૂપે એક તું

રામકૃષ્ણ રહેમાનખુદા એક ઈશનાં નામ છે
જળથળ ચરાચરમાં પરાતત્ત્વરૂપે એક તું

ઈશુબુધ્ધ પેગંબરગાંધી મહાવીર તવ સંતાન છે
સકલ ઉરધબકારમાં શ્વાસરૂપે એક તું

મૃત્તિકાભાજનભેદમાં કનકઘાટે ભિન્ન છે
જયમ તત્ત્વરૂપે મૃત્તિકા કનકરૂપે એક તું

જપતપવ્રતકર્મકાંડ ધ્યાનમાં અહંભાવ છે
સર્વરાગદ્વેષવિહીન સમ્યકરૂપે એક તું

દ્વૈત તું અદ્વૈત તું સકલ વિશ્વનું નિધાન છો
ભિન્ન દેહે ભાસતો પરબ્રહ્મરૂપે એક તું

## (૫૯) વૃધ્ધત્વ

મારી આંખોના કોડિયામાં ખૂટ્યાં છે તેલ
કોઈ નિર્જનસ્થાને અવાવરું કૂવાની જેમ
બૂઝાતી વાટોમાં લપાયેલ અંધાર ડોકાય છે

મારા સૂપડા જેવા આકારના શિથિલ બે કાન
કોઈ વિયાયણ કૂતરીના આંચળની જેમ લબડી પડ્યા છે
મુખથી ઘસી આવતા શબ્દોના ઘરર રવને
ક્રિકેટમેચના દડાની જેમ મારા કર્ણ પાછા વાળે છે

કોઈ ફાટી ગયેલ કપાસના ખેતરની જેમ મારા શ્વેત શિરકેશ
વહેલા પરોઢે સૂર્યના મૃદુ કિરણોમાં નહાય છે
મારા નાકના સળેખમથી સૂજી ગયેલ પ્હોળાં બે નસકોરાં
અવ સુવાસની ગંધને સુપેરે ગ્રહી શકતાં નથી

રબરના દડાના બે ફાડિયાં જેવા મારા બે હોઠ
રતિક્રીડાકાળે કશો સહયોગ સાધવા સાવ અશક્તિમાન છે
સાવ સૂકાઈ ગયેલ વાંસના સોટા જેવા મારા બે પગ
ખોડંગાતી ટિપોયની જેમ જમીન પર ખોટકાઈ રહ્યા છે

કૂવામાં ડૂબેલ બોખની જેમ મારી સ્પર્શીલી જીભમાંથી
ધીમે ટપકતા જળબુંદની જેમ ક્યારેક સ્વાદુપિંડની આછીલાળ ઝરે છે
તાજી લીંપેલ જમીનના પોપડાની જેમ તતડી ઊઠેલ મારી ત્વચા
શરીરનાં રૂક્ષ રૂવાડાંને પણ સારીરીતે પોષી શકતી નથી

ભીંતે ઠોકેલ ખીલાની જેમ હલમલી ઊઠેલ મારા દશબાર દાંત
સાવ ફિક્કા અશક્ત ને રંક સમા ભોજનચર્વણે સુમંદ છે
એન્જિન વિનાના ડબાની જેમ નિષ્ક્રિય મારું બોખલું મોં
અન્નના કોળિયા કરતાં જલપાનનું ખાસ હિમાયતી છે

નિષ્ક્રિયયંત્રના અત્યંત દંતાળા ચક્રની જેમ મારા બે હસ્ત
સાવ સરળકામમાં પણ ખૂબ અકાર્યરત છે
શિયાળે વ્હેતા શીતળ પવનસ્પર્શે થથરતો મારો દેહ
સમગ્ર અસ્તિત્વને ઓગાળી હિમવત્ થીજી જાય છે.

## (૬૦) લાગે સૂનું ભવન

ઓ, પ્રિયે ! તુજ વિણ મને લાગે સૂનું ભવન હા
ગાઈ ન શકું મુખથી દિલદર્દનાં કવન હા

વાદળી વરસી ગઈ છે મનભરી રણભોમમાં
દીર્ઘ નિઃશ્વાસે હાંફીને તડપ્યા કરે ગગન હા

હું જ મારી જાત વિશે બેવફા છું નીવડ્યો
પરદિલે કેમ હું લગાવી શકું લગન હા ?

પાનખર આવતાં સહસા ખરે છે પાંદડાં
કેમ કરી ખીલી શકે પુનઃ હવે ઉપવન હા ?

બહારનાં આવરણ હવે કંઈ કશાં નડતાં નથી
એક મને નડ્યા કરે છે સદા ભીતરનું મન હા

આ મન શંકાગ્રસ્ત છે કેમ મનાવી લઉ હું ?
માદક સ્પર્શને કદી ના છોડતું મૃદુ તન હા

છે રફેદફે આ જિંદગી જીવી રહ્યો છું જેમતેમ
બહાર નીકળે દેહથી ધીમે બધો પવન હા

## (૬૧) રાધાશ્યામ

ઘેલી રાધાના પ્રાણપ્રિય કહાન છે
એનો જાન સમસ્ત કુરબાન છે

શિરે મોરમુગટ અતિશોભતો રે
કંઠે રૂડો પુષ્પહાર ઓપતો રે
મુખે બંસીના સૂર સારા રેલતા રે
સર્વ સંસાર લાગે નિસ્સાર રે

દેહે પીળું પીતાંબર શોભતું રે
પગ ધૂએ યમુના જળધારથી રે
મધુવને ગોધન હોંશે ચારતા રે
વ્હાલા વચ્છને પાતા દૂધધાર રે

ગોપી પાસે દધિદાન માગતા રે
પડતી રાડ રસ્તે વારંવાર રે
જુએ નંદજશોદા રાસ રમતાં રે
ખેલે અકળકળા કરનાર રે

બહાવરી રાધા વૃંદાવને ગોતતી રે
છે ઉરે કોડીલો શ્યામ નિરધાર રે
ઘેલી રાધાના પ્રાણપ્રિય કહાન છે
એનો જાન સમસ્ત કુરબાન છે

## (૬૨) ધીરજ ખૂટી છે

વર્ષોથી જોતાં મેડીએ વાટ ધીરજ ખૂટી છે
સાવ સૂનો છે ઉરઘાટ ધીરજ ખૂટી છે

તારું આગમન ઈચ્છનીય છે
હોંશે ઝૂલો છો હિડોળાખાટ ધીરજ ખૂટી છે

સ્વેચ્છાએ જલદી સન્મુખ થાઓ
મૂલવીએ મોંઘો હાટ ધીરજ ખૂટી છે

અમૂલ પ્રેમબુંદ સંગ્રહીએ
અનહદ વાળ્યો છે ડાટ ધીરજ ખૂટી છે

નાહીને સોળે સાજ સજી આવો
ખૂબ પાવન કીધો છે પાટ ધીરજ ખૂટી છે

વ્રેહની કાળઝાળ વસમી વેળાએ
રુદન કીધું છે હૈયાફાટ ધીરજ ખૂટી છે

અવશ્ય સમુચિત સમયે મળજો
લૂંટાઈ ગયો છે પ્રેમલાટ ધીરજ ખૂટી છે

## (૬૩) પ્રેમમહેલ

પ્રેમનો ગગનચુંબી મહામહેલ તૂટી પડે
ખંડિત અવશેષો ચોમેર નજરે પડે

મુખ ઘૂંઘટે ઢાંકી ઝરૂખે બેઠી હતી
કેમ હવે જોવાય ઝંખાતી પાંપણ વડે ?

આ અધરોષ્ઠે નામવિસ્મરણ છે
ફંફોસતાં આસપાસ ક્યાં સહેજે જડે ?

રાતે પુષ્પશય્યે અંગાંગો મચડાવતી
બેસુમાર આંસુ નેત્રો સદંતર દડે

અહીં ક્યાંક ઓચિંતું હીબકું સુણાય
અંતરને જાણ થઈ આમ આવું કોણ રડે ?

પરસ્પર ભારે મિલનઅવસાદ છે
અધવચ્ચે અવ જર્જરિત ખંડેર નડે

## (૬૪) પછી તો

સાંજે સૂરજ ઢળતાં અંધારની ચાદર ઓઢી રાતે
પછી તો ગગનગોખે સકલ તારકો ઝગમગી રહ્યા

નભે તરવરતા શૃંગોથી ખડકાતો ગયો છે પર્વત
પછી તો ખળખળ વ્હેતાં વિવિધ ઝરણાં સરી રહ્યાં

નભે મેઘ પર મેઘ ગરજી વરસે છે અનરાધાર
પછી તો સાયરાશ્લેષે સરિતે સ્વહસ્ત લંબાવ્યા

સોહે ભાલે સૌભાગ્યચંદ્ર છે એના દેહે નીખરતું રૂપ
પછી તો મરકમરક ગુલાબીહોઠે સ્મિત રેલાયાં

ઉપવને લીલાં વૃક્ષો પાસે લતામંડપે મહેકે છે ગુલ
પછી તો સુરભિમય સમીર સર્વત્ર પ્રસરી રહ્યા

કૂવે પાણી ભરી પનિહારી ગૃહ પ્રતિ કરે છે પ્રયાણ
પછી તો કંકુવરણાં પગલાં ઊભા જનપથે પડ્યાં

વહેલા પરોઢે માણે છે નીંદ મીઠી સમણાંનો સોદાગર
પછી તો આકાશેથી સ્વર્ગનાં પરીવૃંદ ઉતરી આવ્યાં

## (૬૫) સ્મરણ

ઉંબરે પગ મૂકતાં
ખાવા ધાય છે મને મારું ઘર
ને આંખોમાં સળવળે છે યાદનાં સાપોલિયાં
પાળેલા શ્વાન શો પેલો ઉંબર
મૂગું ઠપકારે છે મને
અહીં આવાસે ના કોઈ મમ સ્વજન
ત્યજીદે હે મન ! નાહક સકલ વળગણ
હું ખોળી વળું છું એને પ્રત્યેક ખૂણે
પણ એ કદી હયાત નથી તે નથી જ
પછી ઘરની દીવાલે નજર માંડુ છું
મનમોહક એની લટકતી છબી પર
અચાનક જડાઈ જાય છે મારી નજર
ત્યાં સરી પડે છે સહસા નયનાશ્રુ
હું સાવ શૂન્યમનસ્ક બાઘા જેવો
તત્ક્ષણ સ્મરું છું મારા અતીતને

## (૬૬) તડપાવ્યો હશે

ખાસ અંગતકારણસર પત્ર લખાયો હશે
વાંચનબાદ અંતરે અક્ષરશઃ છપાયો હશે

એની આવજાની ગલીમાં અનિમેષ નિહાળતો
પ્રતીક્ષાની ઈંતેજારીમાં ખૂબ તડપાવ્યો હશે

એને પ્રેમની રેશમદોરીએ બાંધી ચગાવતી
ભાવનાના આભે મનપતંગ કપાયો હશે

વારંવાર કહેતાં મિલનસૌભાગ્ય ન સાંપડે
ખાલી આશ્વાસને ખરેખર ઠગાયો હશે

વલવલતી ઝંખના કેમ કરી વિરામશે ?
મોહક પ્રેમપાશમાં અવશ્ય ફસાયો હશે

## (૬૭) પ્રેમનગર

એક રૂડું પ્રેમનગર હોય છે
એમાં ખૂબ નશીલી નજર હોય છે

મૃદુ પગની ઠેસે સરકે સડક
એમાં અતિમાદક અસર હોય છે

આમ દિલ જુઓ તો ફીદા ફીદા
એમાં અંગોપાંગે ટશર હોય છે

આંખમીચોલી રમણે ચડે છે
એમાં ક્યાં કૈં કસર હોય છે ?

લો, લતાઝુંડ જેમ ઝૂમી ઊઠી
લીલાછમ બાગે તે હાજર હોય છે

## (૬૮) અધઃપાત થઈ

ચોમેર સદૈવ સુરક્ષિત
મનોહર લીલાછમ ઉપવનમાં
હારબંધ લતાતરુવરની શોભામાં
અભિવૃધ્ધિ કરતા ઊગેલ છોડ પર
પ્રખર પરાગરજે પમરતા
રંગબેરંગી પુષ્પપુંજ વચ્ચે
ખીલેલ નાજુક પુષ્પકળીરૂપે મેં તને જોઈ

તત્ક્ષણ આનંદાશ્ચર્ય અનુભવતો
નરી કુમાશતા હોંશે નીરખતો
ધીમા પગલે શાંતચિત્તે પરિક્રમા કરી
નજદીકથી એકીટશે નિહાળી
મારા સંકુલ હાવભાવને અતિક્રમી
હું એ વેળા અતિશય આનંદવિભોર થાઉ છું

દૂર ડગ માંડતાં
એની શી વલે હશે ? એ વિચારમાત્રથી
મારાં સમગ્ર ગાત્રો શિથિલ થઈ હચમચી ઊઠે છે

એ નાજુક અવસ્થામાં ઝૂમે છે
ખાસ નિરાવલંબન જીવે છે
પુષ્કળ જોરે પવન સૂસવે છે
ચોપાસ મદમત્ત ભ્રમર ઘૂમે છે
શોખીન નરનારી ફરકે છે
કોઈ રસિકજન મીટ માંડે છે
રસબસતી મસ્તીમાં ઝૂમે છે

હર્ષોલ્લાસે ખીલતી હરપળે
તે યૌવન પામે એ પહેલાં
મારા મૃદુહસ્તે નિકટથી ચૂટતાં
હાય ! સહસા અધઃપાત થઈ
મારા ઉરે વેદનાનો કારમો ચિત્કાર ફૂટે છે

## (૬૯) હોળી આવી

ફાગણ ફોરતાં નવરંગ ફૂલડે છવાયો હોળી આવી
પાનેપાને કસુંબલ કેસુડો વેરાયો હોળી આવી

આમ્રડાળે નવમંજરીમાં કોકિલ ટહુકો કરે છે
મંદશીત લ્હેરે વાસંતી વા ફૂંકાયો હોળી આવી

ઊંચે આભ દષ્ટિપાત કરતાં ચોખ્ખુચટ દીસે છે
ગગને વિહરતાં સૂરજ રોષે ભરાયો હોળી આવી

ધગધગતી વહ્નિજવાળે સતી હોલિકા ભસ્મ થઈ છે
સંકટસમયે ભક્ત પ્રહલ્લાદ રક્ષાયો હોળી આવી

નવવસ્ત્રપરિધાને હર્ષિત આબાલવૃધ્ધ મ્હાલે છે
જનહૈયે મીઠાઈ મિષ્ટાન્નથી રેલાયો હોળી આવી

કાષ્ટગંજે અગ્નિ પેટાવી હોળૈયાંશ્રીફળ પૂરે છે
રંગરાગે મસ્ત બની હર્ષનાદે વધાયો હોળી આવી

જોરશોરથી દાંડિયે પીટાતાં નગારાં રણકે છે
તાલમેલની રમઝટે ઘેરૈયે ઘેરાયો હોળી આવી

હોંશભેર રજ ઉરાડી રંગપિચકારી મારે છે
અત્યંત ખુશીથી ઉરે ઉભરાયો હોળી આવી

## (૭૦) તને ગોતુ

તને થાક્યો ગોતી ગૃહઉપવને ક્ષેત્રપટમાં
તને શોધું કયાં કયાં ? સરવરતટે વા તરુતળે
ઉરે વ્યાપી એવી તવ દરશને ચિત્ત તલસે
ગ્રહે યત્ને મોતી જયમ મરજીવા જલધિજલે
તને એવી રીતે અવિરત ડગે ખોળી જગમાં
અરે, પાણીપોચા ઉરસદનમાં વ્રેહ નિપજે

વસે મુખાકૃતિ દિવસભરના સંતપ્ત ઉરે
અહીં સૂના હૈયે મુજ ભવનમાં આમંત્રુ તને
સજી સ્વપ્નો નેણે નિશભર તને હાશ સ્મરવું
સફાળો જાગું હું કરકંકણના નાદવમળે
મને દીસે જાણે સજળનયને દિવ્યકૃતિ શી !
તને સ્થાપુ ઉરે ભવભવતણી સ્નેહલપ્રિયા

નથી સ્વર્ગે એવી મિલનપળની કોઈ શક્યતા
સ્મરુ મૃત્યુલોકે મુજ જીવનની મંગલપળે

## (૭૧) ક્હાન ગોરો છે

રાધાને મન કહાન ગોરો છે
કહાન ગોરો છે, સાવ ઓરો છે

છે અશ્રુના શબ્દોથી અક્ષરો લખેલા
કહાન કાગળ જેવો કોરો છે

છે રાધા સાકર મીઠામધે ભળેલી
કહાન મધપૂડાનો પોરો છે

છે મનની માળામાં રાધા પૂરેલી
કહાન મણકે પ્રોવેલ દોરો છે

છે રાધા ઝાંઝરે સુંવાળો રણકો
કહાન કટિબંધન કંદોરો છે

છે બંસીના સૂરોમાં રાધાનું વાગવું
કહાન કામણગારો છોરો છે

## (૭૨) હે જવાન !

હે જવાન ! આગેકદમ આગેકદમ
મક્કમતાથી આગેકદમ આગેકદમ

ખાડા હોય કે હોય ટેકરા
ખીણ હોય કે હોય પહાડ
વ્હેતાં ખળખળ ઝરણાંતીરે
દુર્ગમ કેડીઓ પાર કર

દિવસ હોય કે હોય રાત
સૂરજ હોય કે હોય ચાંદ
કાળમીંઢ અંધાર ઉલેચી
જગે ગાઢ ઉજાશ પાથર

વિજય હોય કે હોય પરાજય
માન હોય કે હોય અપમાન
કલેશના કડવા ઘૂંટ પીને
સદા પ્રેમવર્ષણ કર

હામ હોય કે હોય ભીરુતા
આશ હોય કે હોય નિરાશા
ધરાપર અડગ ડગ મૂકી
જીવનપંથ પસાર કર

પરમોચ્ચ કદી જો હોય લક્ષ્ય
આજ હોય કે હોય આવતીકાલ
હરક્ષણને અમૂલ પારખી
બધે યશસુવાસ પ્રસાર

## (૭૩) હું ચાહતો રહું

હું અંતિમ શ્વાસસુધી ચાહતો રહું
હું અનહદ પ્રેમ છે કહેતો રહું

તીરછી નજરની શી કમાલ છે ?
હું બેવફાઈ પ્યારની સહતો રહું

આંખખૂણે સ્વપ્નસંચાર છે
હું અશ્રુ બેસુમાર ખમતો રહું

નફરતનાં વાજાં વાગે છે
હું ઉરઅરમાને ગમતો રહું

ભલે ત્રિલોકે ગમે ત્યાં વસો
હું તારી આસપાસ ભમતો રહું

બસ, સહવાસે જીવવું છે તારા
હું શ્વાસોચ્છ્‌વાસમાં વહેતો રહું

આ માત્ર ભિન્નતાનો ભાસ છે
હું નશીલી નજરથી નમતો રહું

## (૭૪) કોને ભલા માનવા ?

બહુજનહિતાર્થે
સદૈવ રાચનારાઓ
કાર્યરત લોકસેવકો
પરસેવો પાડી પર સેવામાં
શુભકાર્યે જોતરાઈ
અન્યનું બેહદ ભલું કરે છે
તથાપિ
જાણ્યેઅજાણ્યે
કોઈ અગમ્ય કારણસર
એમના હસ્તે થયેલ
કંઈ અંશતઃ નરસુંકાર્ય પ્રગટ થતાં
એમને આપણે ભલા માનતા હોઈએ
એટલે શું સારા વ્યક્તિ તરીકે સંબોધવા
એ ખરેખર સમુચિત છે ખરું ?

## (૭૫) શીદ સતાવો શ્યામ ?

તારી વાટ જોઈ મારી આંખડી રોઈ
મુજને શીદ ને સતાવો મારા શ્યામ રે ?
ભરયુવાની મેં ખોઈ દુનિયા બધી લીધી જોઈ
મારે નથી બીજા કોઈનું કંઈ કામ રે - તારી.

તારા ભરોસે મેં નાવ હંકારી
ડૂબી જાય ના લો, પાર ઉતારી
ના સૂકાની એનો કોઈ છતાં તરતી એને જોઈ
મારો શ્યામ કરે છે બધાં કામ રે - તારી.

મારા માથે ઊગ્યાં છે દુઃખનાં ઝાડ
મારો શ્યામ લડાવે છે કેવાં લાડ ?
બેસી રહો ના રોઈ કરો કામ તમે કાંઈ
ચડશે વ્હારે દુઃખવેળા મારો શ્યામ રે - તારી.

તારા દર્શનનો છું હું અભિલાષી
ધન્ય કરી દો જીવન ઓ, વનમાળી !
વાટ તારી ઘણી જોઈ નથી જગમાં મારું કોઈ
કદી ભૂલું ના અંતરે તારું નામ રે - તારી.

## (૭૬) ગાંઠ તૂટે છે ?

ઉરે ધબકાર ફૂટે છે ? હા
કદી નફરત છૂટે છે ? ના

ન સમજાય કે ન કળાય એવું બને
સમણે કોઈ લૂંટે છે ? હા

આ હોઠના હાવભાવ મોહક હતા
પ્રેમમાં કશું ખૂટે છે ? ના

પર્ણ ખરતાં પાનખરે પછી શું ?
વસંતને કોઈ ચૂંટે છે ? હા

આ પાર કે પેલી પાર મળીશું
ભવોભવની ગાંઠ તૂટે છે ? ના

સુણી વાત ઉર હિમવત્ થયું
શબ પર કોઈ શીષ કૂટે છે ! હા

## (૭૭) સ્વ. વડાપ્રધાન ઈન્દિરાબેન ગાંધીને

ભારતભોમની આબાદી કાજે ધર્મધુરા ગ્રહીને
મીઠાં ફળ આઝાદીનાં સર્વ રૈયતહસ્તે ધરવા

સંકટે શાસન કરતાં સાક્ષાત્ જાણે સ્વયં અંબા !
આર્તજનોના દિલે વહેતાં દયામય પાવન ગંગા

સહવાસે જનજીવન ઉજ્જવળ વ્હેતી મુખે વચનામૃતધારા
દીનજનોની વહારે દોડી સકલ દુઃખ હરતાં ઉધ્ધારા !

સદા કરુણા વાત્સલ્યમૂર્તિ શાં વંદનીય છો અમારાં
અર્ઘ્ય ધરું શો ? પામર પ્રાણી છું પાયે પડું હું તમારા

સંજીવરાજીવ પુત્રપનોતા ઉભય જન્મ્યા કૂખે તમારી
ભારતનભે શશિસોમ શા ઝગમગે અતિ રૂપાળા

હતો કર્મનિષ્ઠ ને સેવાભાવી પરહિતે મગ્ન રહેનારા
જગહૈયે વસી જઈ સદૈવ ભ્રાતૃભાવ ધરનારા

સેવાકાજે ભેખ ધરી સમસ્ત જીવન સમર્પી દીધું
ધન્ય હો તમારા શુભજીવનને ! જગે નામરોશન કીધું

## (૭૮) ભગવાન ક્યાં વસે છે ?

યુગયુગથી જનમુખે એક જટિલ પ્રશ્ન પૂછાતો
આર્ષદૃષ્ટા ઋષિમુનિઓના હૃદે સદા વલોવાતો
સર્વજ્ઞ ને સનાતન ભગવાન ક્યાં વસે છે ?
સાકાર ને નિરાકાર ભગવાન ક્યાં વસે છે ?

ઊંચે અગાધ આભમાં ચાંદસૂરજ તારકોના તેજપુંજે
કે નસનસના શોણિત ધબકારે નાસિકાના શ્વાસોચ્છ્વાસે વસે છે
સોહામણી ધરાના નગશૃંગે વિશાળ અબ્ધિના અતાગ તળિયે
કે ધનિકોના બહુકક્ષમહેલે રંકની જીર્ણશીર્ણ કુટિરે વસે છે
અહીં પ્રસ્થાપિત આચારવિચારશીલ પ્રવર્તમાન વિવિધ ધર્મોમાં
કે અટપટા મતમતાંતરોના ધાર્મિક સંપ્રદાયોમાં વસે છે

અયોધ્યા મથુરા મક્કા બેથલેહામ તલવંડીના પટાંતરમાં
કે મંદિર મસ્જિદ ચર્ચગુરુદ્વારાદિ ધર્મસ્થાને વસે છે
લીલાછમ વનોપવનના દિશેદિશ સળવળતા અનિલમાં
કે પાવન યજ્ઞે પ્રજ્વલિત સુવાસિત હુતાશને વસે છે

વસે છે વસુંધરાના જળસ્થળસમેત સકલ બ્રહ્માંડમાં
અણુઅણુ કણકણમાં વિલસે છે અહર્નિશ ચરાચરના
સદૈવ મંગલકર ઈહલોકે સ્વયં ધર્માનુશાસકને
જ્યાં જુઓ ત્યાં સર્વત્ર દયાવાન ભગવાન વસે છે

## (૭૯) પ્રેમબંધન

મને દેખતાં સહસા ગોરું મુખ મચકોડો છો
ગોપનીય રસીલી પ્રીત અધવચ્ચે તરછોડો છો
બોલો, કેમ કરી જીવન મારું રંગરંગીલું બનશે ?

તમે મલકતી ચાલે ચાલતાં દીસે ઠસોઠસ તોર
રૂમઝૂમ પાયે પાયલ બજતાં ચોરાતું ચિત્તચકોર
સેંથીમાં સિંદૂર પૂરી પ્હેરતાં સાડી નવનક્કોર
અંજન આંજેલ સ્વપ્નશીલ આંખો અદકી મસ્તીખોર
ગુલાબીહોઠથી ઝરતા વેણે ભીંજાતી કાળજાકોર
રોજરોજ પંથે વિહરતાં પ્રેમબંધન તોડો છો
બોલો, કેમ કરી જીવન મારું રંગરંગીલું બનશે ?

આવો, જલદી રેશમી જાજમ પાથરી દઉ
રંગબેરંગી પુષ્પોની બિછાત બિછાવી દઉ
મલકતા હોઠે મધુર સ્મિત રેલાવી દઉ
મૃદુ હાથેહાથ મિલાવી સુસ્વાગતમ્ કરી લઉ
વર્ષોજૂની આકંઠ પ્રેમપ્યાસ છીપાવી લઉ
તમે મારા સદ્ભાગ્યની મધુર મટકી ફોડો છો
બોલો, કેમ કરી જીવન મારું રંગરંગીલું બનશે ?

## (૮૦) ક્યારે મળીશું ?

આ
અસાર સંસારમાં
મિથ્યત્વ વાગોળતો
સ્મરણે સળવળતો હું
મારા સદ્‌ભાગ્યે
તારા દૂરના વિશાળ શહેરમાં
એકવાર અચાનક
ભૂલેચૂકે અજાણતાં
કોઈ ભૂલભૂલામણીમાં
વાંકીચૂકી ભરચક ગલીમાં
ધીમા પગલે આગે ધપતી
તું છે એમ નિશ્ચે માની
હોંશભેર સમીપ આવતાં
રતુમડા અધરોષ્ઠ મલકાવી
મંદસ્મિતસહ તેં મને આવકાર્યો
એ વિરલક્ષણ યાદગાર બની
વર્ષોથી આમતેમ ગોતતો
હાલ સહસા સામીપ્ય પામી
હું રાજીનો રોળ થઈ ગયો
અતીતને ખાસો ઉલેચી
અલ્પ પ્રેમગોષ્ઠિ માંડતાં
નિઃશ્વાસના શ્વાસ ભરી
વસમી વિદાયવેળાએ મેં પૂછયું
પ્રિયે ! પુનઃ ક્યારે મળીશું ?
એ તદ્દ્ન અવાચક રહી
ફરી કોઈવાર ? મેં ઈચ્છાપૂર્તિ કરી
તત્ક્ષણ ધ્વનિ ઉદ્‌ભવ્યો
આવતા ભવે

## (૮૧) ભલાઈ બૂરાઈ

આ જગમાં
કોઈ સ્વેચ્છાએ ભલું કરે છે
તો
કોઈ દ્વેષથી બૂરું કરે છે
અન્યનું ભલું કરવું એ ખરેખર સારું છે
પણ બૂરું કરવું એ તદ્દન નઠારું છે
અહીં ભલું કરનારા થોડાક હોય છે
પણ બૂરું કરનારા વિશેષ હોય છે
જે ભલું કરે એ કદી બૂરું પણ કરે છે
જે બૂરું કરે એ કદાચ ભલું પણ કરે છે
સારાનરસાની દુનિયામાં
હું હંમેશ બીજાનું ભલું કરીશ એ વિચાર વધુ ઈચ્છનીય છે
મારા હસ્તે ભૂલેચૂકે કોઈનું બૂરું ન થાય એની હું સખત કાળજી રાખીશ
વળી
સખત પરિશ્રમથી કાર્યો પાર પડે છે
માત્ર વિચારોના સેવનથી નહીં
એવી નિશ્ચિત મથામણમાં
કિંકર્તવ્યમૂઢ ન બનતાં
ભલાઈબૂરાઈરૂપી બેલડીની
અટપટી આંટીઘૂંટી ઊકેલતો
મિથ્યા ભવસાગર પાર કરવા
હું ખંતપૂર્વક અનવરત કાર્યાન્વિત રહું છું

## (૮૨) દર્શન કરજો રે

શ્રીફળ લાવો, ચુંદડી લાવો, ધજા લાવજો રે
માના મંદિરે જઈને દર્શન કરજો રે
કુમકુમ લાવો, ધૂપ આપો, પ્રસાદ ધરજો રે
માના મંદિરે જઈને દર્શન કરજો રે

છે મારી માનું હેત અપાર
છે એનો મહિમા અપરંપાર
દુઃખ ભાગે છે તું તત્કાળ
તું ભીડભંજની છે રખેવાળ

અગરુ કરો, દીપ કરો, ફૂલ ધરજો રે
માના મંદિરે જઈને દર્શન કરજો રે

મા ! સકલ જગનો છે આધાર
કરે છે ભક્તોનો બેડો પાર
છે પ્રેમ કરુણાનો ભંડાર
સર્વ સંસારનો છે સાર

હેતે નમી પાયે પડી વંદન કરજો રે
માના મંદિરે જઈને દર્શન કરજો રે

## (૮૩) કાગ

આકાશમધ્યે ઉડતો કાગ
ઊડાણ કેરો લેતો તાગ

સવાર થતાં કા કા નાદે
સકલ જનને કહેતો, જાગ

અન્નકાજે બેસી ગૃહ પર
વક્રનયને જોતો લાગ

ઊંચે નભે ઉડી જતો
દેખી વાડે ફરતો નાગ

શીત સમીરના મૃદુસ્પર્શે
તે ચોમેર ઘૂમતો બાગ

પંખી નભે મધુર ગાતાં
કેમ કર્કશ ગાતો રાગ ?

કપટમાં પાવરધો પૂરો
શ્યામદેહે ભળતો ડાઘ

## (૮૪) ઢોલ ઢબૂક વાગે

ઢોલ ઢબૂક વાગે સૈયર !
દિલે ઝાટકો લાગે સૈયર !

દૂરદૂરથી પાતળિયો આવે
મીઠાંમઘ સોણલાં લાવે
દ્રષ્ટેટદ્રષ્ટ ખેંચાણી જયાં
ઉરે હું સમાણી ત્યાં
હ્રદે ઝંખના જાગી સૈયર!
ઢોલ ઢબૂક વાગે સૈયર !

કેસરિયાળો સાફો માથે
મોર પિચ્છનું છોગું ફરકે
કૂંણું લીલું શ્રીફળ હસ્તે
કંઠે રૂડો હાર ઓપે
નજર તીરછી વાગી સૈયર !
ઢોલ ઢબૂક વાગે સૈયર !

ચાવે પાન મારે પિચકારી
હોઠે વહે સ્મિતસરવાણી
રૂડાં ગીત ને ગરજે ફટકણાં
વનિતાકર્ણે સોહે લટકણાં
દાઝે સૌ વૈરાગી સૈયર !
ઢોલ ઢબૂક વાગે સૈયર !

પીળા પાનેતરે શોભુ સૈયર !
અધીરી આંખે ગોતુ સૈયર !
ઉરે પ્રેમરંગ જામે સૈયર !
પ્રગાઢ સંગ લાગે સૈયર!
મનભ્રમણા ભાગી સૈયર !
ઢોલ ઢબૂક વાગે સૈયર !

જાનડીઓ ખૂબ મ્હાલે સૈયર !
જાન પરત ચાલે સૈયર !
માની આંખે આંસુ સૈયર !
પિતાને સૌ ઝાંખુ સૈયર !
ઉરે મૂર્છા જાગી સૈયર !
ઢોલ ઢબૂક વાગે સૈયર !

## (૮૫) એક ઈશનાં સંતાન

એક ઈશનાં છે સૌ સંતાન
સરખાં છે સૌને ફરમાન

નાતજાતના વાડા છોડો
છૂતાછૂતનાં બંધન તોડો
જાળવી રાખો માનવશાન
સરખાં છે સૌને સન્માન

દીનદુઃખિયાંની વ્હારે દોડો
પરહિતમાં મનને જોડો
આજ કરી દો જાનકુરબાન
ભલે હોય માન કે અપમાન

ધસમસતો મનનો ઘોડો
ધીમી ચાલે થાકે થોડો
આગે કદમ બઢો, ઈન્સાન !
રસ્તા હોય દુર્ગમ કે વેરાન

## (૮૬) પરોઢિયે

આમ્રઘટામાં કોયલ જોતાં
મને સહસા આવે છે તારી યાદ
ને વહેલી સવારનો પેલો ટહુકો
ઊઠો, છ વાગ્યા છે
જાગો, સર્વ જાગ્યાં છે
હું સોડ ત્યજી ઊભો થાઉં છું
મીઠી નીંદરથી ભીંજાયેલ તું
પથારીમાં સૂતી આંખો ચોળે છે
દેહે વ્યાપેલ આળસ મચકોડે છે
તું અવગણી મારી આજ્ઞાઓ ને કાકલૂદી
મને કહે છે નેત્રો હમણાં કયાં ખૂલે છે ?
તું વિસ્ફાટ નેણે જુએ છે
તાકતી નયને તૃષા ગોપે છે
હું સહશય્યાનું સુખ યાદ કરું છું
ઉરે મુલાયમ પ્રેમ સ્મરું છું
સામે ટેબલ પર છે પ્યાલે ગરમાગરમ ચા
તે પર મંદસુમંદ વ્હેતો છે શીતળ વા
તું સહસા જાગતાં
ઘર પર કબજો જમાવે છે
માત્ર હું જ છું એકલો અવશ
સહેજ ખિજાયેલ ચિડાયેલ તુજથી
ત્યાં ટપટપ પ્યાલે ટપકે છે
તવ નયનાશ્રુ

## (૮૭) હું આવ્યો છું

આ જગતમાં દુર્નિવાર હું આફત લઈને આવ્યો છું
સહતાં સખત ખૂબ આઘાતો ના કદી હું ફાવ્યો છું

નભના ગર્તમાં વેગવંતા મેઘતણા છે ડુંગર ગરજે
આસ્તેઆસ્તે ઝબકતી વીજ જેમ હું છવાયો છું

ઝરમર ઝરમર ધીમીધારે તાનમાં વરસાદ વરસે
જોતજોતામાં અવની પર જળવત્ હું ફેલાયો છું

વનઉપવને લતાઝુંડે હરવૃક્ષે પવન સૂસવે
ખૂબ તોફાની રતની વચ્ચે હું સ્વયં ફસાયો છું

એકપળમાં સરિતસરોવર કૂપસમંદર સૌ છલક્યાં
નીડે પંખી ગૃહે સૌ જંપતાં હું મૂંઝવણે મૂકાયો છું

દૂરસુદૂર સર્જતાં વાવંટોળ ધૂળની ઉડે છે ડમરી
દુઃખની ઊંડી ખોદાતી ખાણે હું ખુદ પુરાયો છું

સુકલકડી દેહે મારા પ્રાણ થરથર થથરે છે
કાળમુખના દંતભક્ષણે હું ચોમેર ચવાયો છું

## (૮૮) સમણાં

મારી આંખે ઊગેલ છે સમણાં
છે અડાબીડ ને અણદીઠ સમણાં

અલકમલકથી ઉતરી આવે
પરીઓના દેશથી ઊમટી આવે
જાણે નીડનાં ઝાઝાં તરણાં !

છે લીલાં સમણાં ને પીળાં સમણાં
વહેલા પરોઢે છે વિવિધવરણાં
થતાં પળપળે ગણતાં બમણાં

દિલે છૂપાતાં ને નયને લપાતાં
અઢળક રંગરાગે તે રસાતાં
જાણે ઉરદ્રવંત ઝરણાં !

છે અબીલ સમણાં ને ગુલાબ સમણાં
તેજફૂવારે ખૂબ ઊડતાં સમણાં
જાણે શાખેધૃજંત પરણાં !

આંખખૂણે સહસા ફૂટતાં સમણાં
રાતે શય્યામાં વેરાતાં સમણાં
જાણે વનધસંત હરણાં !

## (૮૯) આંખે ઝરતાં અશ્રુ

આંખે ઝરતાં અશ્રુ કયાં જઈ છૂપાવું ?
રાહબર નથી રાહમાં કોની પાસ લૂછાવું ?

હોંશથી લાવ્યો હતો ખોબો ભરીને ફૂલડાં
પહેરાવું કોને કહો ? ફૂલહાર કેમ ગૂથાવું ?

એની પ્રતીક્ષામાં નેત્રદ્વાર ખુલ્લાં છે રાતભર
બેફામ ઝૂરતાં હૃદય દર્દનું છે ગાઢ ઘૂંટાવું

પ્રેમગલીમાં એ મને મળી ગઈ'તી એકવાર
યાદ છે હજી ચહેરો નામઠામ કયાં પૂછાવું ?

નજર નાખતાં ખૂબ ભારે પડી છે ભૂલથી
સમણાંના રમ્ય દેશમાં હાય! જિગરનું લૂંટાવું

## (૯૦) નડ્યા કરે છે મને

મારા પોતીકા નડ્યા કરે છે મને
શાંતિની પળે લડ્યા કરે છે મને

છે અંધારના અર્થનો ખ્યાલ તારકોને
રાતના નભે જડ્યા કરે છે મને

આંખખૂણે ઉભરે છે વિસ્મૃત ચહેરા
સમણાંના દેશે મળ્યા કરે છે મને

સાવ વિષાદગ્રસ્ત હતા અંગતસંબંધો
ગૃહપ્રાંગણે તે રડ્યા કરે છે મને

આઘાતના અસંખ્ય ઘા કેમ સાંખુ ?
સંઘર્ષો નિતના ઘડ્યા કરે છે મને

છે ઉરછાબમાં ઠસોઠસ અરમાનો
તીવ્ર દુર્વાસે સડ્યા કરે છે મને

હું કાળખંડે મીણજેમ ઓગળું છું
શિરે પાષાણો પડ્યા કરે છે મને

## (૯૧) માના નામે

માના નામે તરી જશો માનું સાચું નામ છે
વિપતવેળા કરે રખવાળી મા ! મંગલધામ છે

માના નામની સતત અંતરે રટો જપમાળ રે
સંકટ સમયે મદદે આવી લે સૌની સંભાળરે
માનું નામ રટતાં જીભે આળસ કરો હરામ રે
મા છે મોટી જોગમાયા મા ! છે સર્વની દેવી રે
અસુર હણી દેવો તાર્યા મા ! દયાની દેવી રે
અબુધ બાળ જપતાં એના નથી કઈ દામ રે

મા ! છે દિવ્ય મંગલમૂર્તિ મા ! વેદોનો સાર છે
મા ! છે સત્ય ને સનાતન અન્યસર્વ અસાર રે
દેવોને અતિદુર્લભ એવાં પાર પાડ્યાં કામ રે
છે માનું શરણું સાચુ શરણું મા ! કહી પોકાર રે
બાળભાવે ભક્તિ કરતાં પામશો માઈધામ રે
અભાગી જીવ પોકારે છે પાપક્ષય કરો તમામ રે

## (૯૨) દિલનું પીગળવું

જ્યોત જલ્યાની વેળા છે મીણનું ઓગળવું
પ્રીત પામ્યાની વેળા છે દિલનું પીગળવું

આંખથી છલકાઈ ગયાં છે યાદનાં સરોવર
પોહ ફાટ્યાની વેળા છે સમણાંનું સળવળવું

એમ તો દીધા કર્યા છે ફોગટ ઘણા દિલાસા
છૂટાં પડ્યાની વેળા છે હૈયાંનું ખળભળવું

હોઠથી વહી રહી છે અંતરની સરવાણી
વાચા ફૂટ્યાની વેળા છે મૌનનું ટળવળવું

સમય સામે ઊભો છે હવે ખાલી નિસાસાનો
શ્વાસ તૂટ્યાની વેળા છે કાળજાનું કકળવું

સદીઓથી જલતો રહી અંધારખાસાં પી ગયો
વાટ ખૂટ્યાની વેળા છે દીપનું ઝળહળવું

## (૯૩) એવું બને

મુખથી ન કહેવાય એવું બને
તુજ વિણ ન રહેવાય એવું બને

પુષ્પ જેમ એ બધે પ્રસરી ગઈ
આંખમાં આંખ પરોવાય એવું બને

આજ સહસા દેખતાં શરમાઈ ગઈ
મુખથી પાલવ લહેરાય એવું બને

દિલ ચીરી દડાની જેમ સરી ગઈ
મૂગુંમૂગું કૈં સહેવાય એવું બને

હવામાં સૂરો બધા તરડાઈ ગયા
જીવનનું જંતર ફૂંકાય એવું બને

વનઉપવને ગામનગરે ક્યાં ગોતુ ?
આછુંઆછું ઉર ચીરાય એવું બને

## (૯૪) કાગળ

દેશાવરથી આવ્યો કાગળ
ઉંબરેથી લાધ્યો કાગળ

છે અશ્રુથી અક્ષર લખેલા
વહુવરને ભાવ્યો કાગળ

વ્હેલા પ્હોરના સમણા જેવો
હેતથી છલકાવ્યો કાગળ

હોંશે બાળને ચૂમી લેતાં
છાતીએ લગાવ્યો કાગળ

ઘેલી વહુએ અતિલાડમાં
હાથમાં સરકાવ્યો કાગળ

મેંદીરંગ્યા હસ્તે ગ્રહી
છબિએ ઝુલાવ્યો કાગળ

દેશાવરથી આવ્યો કાગળ
હોંશભેર વધાવ્યો કાગળ

## (૯૫) તું બોલ

મારે તારે કેવું છે ? મુખથી તું બોલ
હા, અબોલા જેવું છે મુખથી તું બોલ

પાંપણે સમણાંનો છે અસહ્ય ભાર
નેણગૃહે રહેવું છે ? મુખથી તું બોલ

આજ સહસા ઉભયઉર દ્રવી ગયાં
અંગત કૈં કહેવું છે ? મુખથી તું બોલ

કેમ અચાનક નયન આમ ઢાળી દીધાં ?
મારા ભણી એવું છે મુખથી તું બોલ

મને એ દુર્લભ સ્મરણો મળ્યાં હતાં
નેત્રે સદા નેવું છે મુખથી તું બોલ

તડપે છે હરહંમેશ આ પ્યાસુ હૃદય
બાનમાં તારે લેવું છે મુખથી તું બોલ

## (૯૬) દ્રોણને એક પ્રશ્ન

હે દ્રોણ !
તમે કોણ ?
કૌરવ પાંડવના ગુરુવર્ય
સમતા ને સુશીલના ધારક
સુપ્રતિષ્ઠિત ન્યાયના તારક
અર્જુને લક્ષ વીંધતાં
શાબાશ શાબાશ કહી બિરદાવ્યો
દીક્ષામાં હૃદયના હેતે
અર્જુનને સવાયો બનાવ્યો
શિષ્યપદે સ્થાપી એને
શું લક્ષ્ય એનું તમે ન વીંધ્યું ?
ભીક્ષામાં માગી અંગૂઠો
એકલવ્યને ખરો બનાવ્યો
દ્વિઅર્થી  શબ્દસૂરમાં
હાશ હાશ કહી ભરમાવ્યો
હે સમતા ને સુશીલના ધારક
સુપ્રતિષ્ઠિત ન્યાયના તારક
પ્રશ્ન તમને પૂછું એક
રમત રમ્યા આવી શીદને ?
વ્હાલાં દવલાંની કાળઝાળ
ન્યાયમંદિરના સઘળા સ્તંભો
ચંપાઈ ગયા સાતમે પાતાળ

(૯૬) દ્રોણને એક પ્રશ્ન

હે દ્રોણ !
તમે કોણ ?
કૌરવ પાંડવના ગુરુવર્ય
સમતા ને સુશીલના ધારક
સુપ્રતિષ્ઠિત ન્યાયના તારક
અર્જુને લક્ષ વીંધતાં
શાબાશ શાબાશ કહી બિરદાવ્યો
દીક્ષામાં હૃદયના હેતે
અર્જુનને સવાયો બનાવ્યો
શિષ્યપદે સ્થાપી એને
શું લક્ષ્ય એનું તમે ન વીંધ્યું ?
ભીક્ષામાં માગી અંગૂઠો
એકલવ્યને ખરો બનાવ્યો
દ્વિઅર્થી  શબ્દસૂરમાં
હાશ હાશ કહી ભરમાવ્યો
હે સમતા ને સુશીલના ધારક
સુપ્રતિષ્ઠિત ન્યાયના તારક
પ્રશ્ન તમને પૂછું એક
રમત રમ્યા આવી શીદને ?
વ્હાલાં દવલાંની કાળઝાળ
ન્યાયમંદિરના સઘળા સ્તંભો
ચંપાઈ ગયા સાતમે પાતાળ

## (૯૭) મધરાતે

પાંપણે વસી જાય છે મધરાતે
કંઈક ભસી જાય છે મધરાતે

મારા પડખે અડોઅડ ઊભી છે
સહેજે ખસી જાય છે મધરાતે

ગુલાબી અધરોષ્ઠે શી મ્હેક છે ?
ધીમે હસી જાય છે મધરાતે

રાતદિન સંતાપ સહ્યા કરું
ચિત્તે ઠસી જાય છે મધરાતે

આમ એનાથી સતત દૂર છું
સોડે ધસી જાય છે મધરાતે

નિત ચાહ સ્પર્શની રહ્યા કરે
ગાલે ઘસી જાય છે મધરાતે

વર્ષોથી સદા સામીપ્ય ઝંખુ છું
ડૂમે ડસી જાય છે મધરાતે

## (૯૮) મારી તારી વચ્ચે સાજન !

થરથરતા થુવ્વેર મારી વચ્ચે સાજન !
સોડમ સોતી વેલ તારી વચ્ચે સાજન !

ચિત્ત ચોરાયાનું ભાન કશું ના મને સાજન !
મન મોહ્યાનું ગુમાન હજીય તને સાજન !

હજી વલવલતા વંટોળ ફળતા મને સાજન !
જીવતરના ફંગોળ ન નડતા તને સાજન !

હજી કોયલનો ટહુકાર સુણતાં મને સાજન !
જાણે ઝાંઝરનો ઝંકાર ! કહું છું તને સાજન !

હોઠ છે ગુલાબીફૂલ કશું ના કહેતા સાજન !
જીવન જાણે ભૂલ ! કશું ના લહેતા સાજન !

ત્યાં ખાસી લીલાલ્હેર તારી વચ્ચે સાજન !
અહીં વર્તાતો કાળો કેર મારી વચ્ચે સાજન !

## (૯૯) મને આપજો

તવ ઋજુ હૃદય સદા પાસે રાખજો
અન્યને કદી ભૂલેચૂકે ન આપશો
માગતાં ખાંતે સર્વ સંમતિ આપજો
ખસૂસ સ્નેહ મને આપજો, મને આપજો
હૃદય સ્નેહસંગ્રહક છે
સ્નેહ જીવનધારક છે
જીવન અમૂલ સોગાત છે
ખસૂસ સ્નેહ મને આપજો, મને આપજો
હૃદય લાગણીઓનો ભંડાર છે
લાગણી હૂંફાળો સહકાર છે
હૂંફ જીવનનો ધબકાર છે
ખસૂસ સ્નેહ મને આપજો, મને આપજો
તવમુખે સ્નેહલવાણી વહાવજો
અધરોષ્ઠે મધુર સ્મિત રેલાવજો
ઉભયઉર એકમેકમાં સ્થાપજો
ખસૂસ સ્નેહ મને આપજો, મને આપજો

## (૧૦૦) હું નહીં બોલું

હું નહીં બોલું, નહી બોલું નહીં બોલું રે
કૃષ્ણકનૈયા ! હું તને નહીં બોલું રે
વારેઘડીએ શીદને સતાવે ?
આંખે ઉભરી રાતે તું આવે

કહો, અંતર મારું કયાં ખોલું રે ?
કૃષ્ણકનૈયા ! હું તને નહીં બોલું રે
માયા મૂડી મારે નથી કંઈ ખપનાં
ઊડી ગયાં છે રંગભર સપનાં

આંખો ખોલી જોયું તો જગ પોલું રે
કૃષ્ણકનૈયા ! હું તને નહીં બોલું રે
સાચું કહું છું દિલમાં છે અંધારું
ભૂલી શકું ના કદી તારું ને મારું

ઓ, દીનાનાથ ! તને ફૂલડે તોલું રે
કૃષ્ણકનૈયા ! હું તને નહીં બોલું રે

## (૧૦૧) ભાળ મળે

અણજાણ ઘરની કદીક સંભાળ મળે
કોઈના પગલામાં રસ્તાની ભાળ મળે

વૃક્ષને નિહાળે છે નજરનું પંખી
ફળફળતી કોઈ એકાદ ડાળ મળે

રૂપરંગ લૂંટતા નજરના ચોર
આંખના સિમાડે કોઈ રખેવાળ મળે

નયને વહે છે અનર્ગળ આંસુ
રોકતી એને નક્કર કોઈ પાળ મળે

નિર્જન વગડે છવાઈ છે નીરવતા
એકાંતને ગજવતું કોઈ વાચાળ મળે

આભલું છવાયું છે ઘનઘોર ઘટાથી
કાળ મળે તો કોઈ વિકરાળ મળે

## (૧૦૨) કર્ણની સ્વગતોક્તિ

હું અપરાધી
જન્મ્યો આજન્મે
કુંવારી કૂખે કુંતામાતાની

જયેષ્ઠ ભ્રાત આમ છું પાંડવોનો
મનેય જશઅપજશ છે વ્હાલાં
કલંકની કાળી ટીલીના કાજે
તિરસ્કૃત હડધૂત છુંહું આ જગમાં
કૌરવપક્ષે ભળ્યો ના શમાવા
ભભૂકતી અંતર વેરજ્વાળા
બધે સ્થાપવા અધિકાર સમતાનો
ઝઝૂમું છું હું જંગે ચઢીને
દીર્ઘ આર્તનાદ ચોમેર નાખું
ધ્રૂજી ઊઠે છે દશદિશાઓ

કે જન્મે નહિ સૌ
છે કર્મે કિંતુ શ્રેષ્ઠ
હું છું શુદ્ર કર્ણ
ને પાંડવો છે સવર્ણ ?
કિંકર્તવ્યમૂઢ બનું કદી ના
બની ના બેસું કદી વિકર્ણ
અંગે ઝીલી ક્રૂર કારમા પ્રહારો
વીરોચિત મૃત્યુ સદા પામવાનો
પછી રક્તના ટપકતા પ્રત્યેક બુંદે
જનમશે અવની પર
અસંખ્ય કર્ણો

## (૧૦૩) અનુરાગ

પ્રેમ બલિદાન માગે છે
સ્વયં નિર્વ્યાજ લાગે છે

સમયની રફતારમાં
અચાનક ઉરે જાગે છે

નજરની આતશબાજીમાં
પ્રણયતીર વાગે છે

એકમેકની ભિન્નતામાં
જીવન વ્યર્થ લાગે છે

હૂંફાળા સહચારમાં
પ્રગાઢ અનુરાગે છે

મધુર સ્મિતસંધાનમાં
આપઆપદ ભાગે છે

મનમોતીના મણકાઓ
પ્રોવેલ પ્રેમધાગે છે

## (૧૦૪) નડવું નથી

કોઈ મૃદુ પગે પાય પડવું નથી
પ્રેમમાં લાચાર થઈ રડવું નથી

ભ્રમણામાં મનગમતી રમણા દીસે
ખોવાઈ જવાના ખ્યાલે જડવું નથી

બીડેલનેત્રે સહેજસાજ ઝાંખી છે
છે સજેલ સ્વપ્ન પુનઃ ઘડવું નથી

ચાલતાં કેડીએ વચ્ચે અટકી પડી
ડગ માંડી આગળ સ્હેજે ચડવું નથી

યાદ પર યાદની સદા ફરિયાદ છે
આંખે ચોધાર આંસુથી દડવું નથી

ભલે ચાહે કે ન ચાહે તારી મરજી છે
નેમ છે કે ઉમ્રભર નડવું નથી

## (૧૦૫) મધ્યાહ્નભોજન યોજના

શાળામાં ઘંટારવ થતાં
સર્વછાત્રો ગોઠવાયા લાંબીમાં કતારે
ને સ્મર્યા એકચિત્તે શારદા ને પ્રભુ
વર્ગખંડો ખીચોખીચ થતાં
વહે અનવરતપણે શિક્ષણનો નવ્યપ્રવાહ
નવજીવન સિંચને ચીંધે નૂતન રાહ
ત્યાં મધ્યાહ્ને પીરસતાં ભોજન
તૃપ્ત થતાં ક્ષુધિત જઠર
છે ભણતરે નિમગ્ન સૌ
શિક્ષાક્ષુધાકાજે વિદ્યાલયે અમલી બની
ઉદરતૃપ્તિનિયોજનરૂપે
મધ્યાહ્નભોજન યોજના

## (૧૦૬) મોટા જન

આજકાલ કેવા છે જગે જન મોટા ?
કંઈ જીભે કહું ખરા છે કે ખોટા

શીતળછાંયની લતાઓના ઉપવનમાં
જાણે પરોઢે ખીલી ઊઠેલ ગુલાબગોટા !

ચોગરદમ આમ્રવૃક્ષના ખેતરમાં
જાણે ઊગી નીકળેલ શેરડીસોટા !

નિત ભાલે કુમકુમ તિલક કરે
જાણે દ્વિજદીપાવંત જનોઈજોટા !

અત્રાતત્રાસર્વત્ર ઉપસ્થિત છે
જાણે હરછાપેમઢેલ રંગીન ફોટા !

મુખથી વદે છે રાઈથીય છોટા
ભીતરે માને છે તાડથીય મોટા

## (૧૦૭) જો મને મળે

તારા પગનું ઝાંઝર જો સદા રણકતું રહે
ને તારા પગનો ઠમકાર જો મને સ્હેજમાં મળે
તો હું નાચી ઊઠું આંગણુંભરી પૂરબહાર

તારી આંખનું કાજળ જો મારી આંખમાં ભળે
ને તારી પાંપણનો પલકાર જો મને સ્હેજમાં મળે
તો હું ભરી દઉ હૈયાં સઘળાં પૂરબહાર

તારા હાથનું કંકણ જો સદા ખણકતું રહે
ને તારાં ટેરવાંનું રૂપ જો પીવા મને મળે
તો હું વરસી જઉ વાદળ બની પૂરબહાર

તારા અંબોડે મઢેલું ફૂલ જો સદા હસતું રહે
ને મારા હાથમાં આવી જો સદા વસતું રહે
તો હું ફોરવી દઉ સુગંધ એની પૂરબહાર

તારી નેણની કટારી જો મારી આંખને અડે
ને એમાંથી રુઝવાના ઘાનું જો પૂમડું મને જડે
તો હું રુઝવી દઉ ઘા જગતના પૂરબહાર

## (૧૦૮) હું વસું છું

હું સદા પત્રો વાત એક લખું છું
સહવાસ સાધવા તવ શાશ્વત મથું છું

આંખે સમણાંની રંગોળી સજતાં
સહી ઘોર જખમો હું મુખે હસું છું

છે અવસરો અકબંધ ઉરદ્વારે
પ્રસરતાં પાંપણે તારી પાસે હું ધસું છું

નખશિખ નીરખવા મનસૂબો કર્યો'તો
દેહસ્થિત તારા મૃદુઉરે હું વસું છું

ખેંચતાં એકાદ લીટીનો લસરકો
અવર ન કૈં બસ, હું તને રચું છું

## (૧૦૯) છોડ

મરુભૂમિમાં માંડ ઊગેલ
એક લીલેરો છોડ
તે જળપોષણવિહીન
છેક બરછટ ને બરડ
થાપડિયા કાંટાળાથોરની જેમ
કંપાયમાન ચકરાવે ઘૂમતાં
વાયરાના જોરદાર વંટોળથી
દૂરસુદૂર ફંગોળાતાં
અસ્તિત્વહીનતાના ખંડેરમાં
નામશેષના છેક અંતિમ છેડે
થરથર થરથરે છે

## (૧૧૦) નેત્રપ્રેમ

મારી આંખો
સદૈવ રાત્રિના ઘોર અંધારનો અહેસાસ કરે છે
કિંતુ
તારી આંખો
સદાકાળ દિવસના ઉજજવળ પ્રકાશને અનુભવે છે
જ્યારે
આપણા પ્રેમનાં બે પાસાં
એક
હું હરદમ સફળતાના ઉત્તુંગ શિખરે યથેચ્છ નિર્વિઘ્ન
વિહાર કરું
બીજું
તું આજીવન નિષ્ફળતાની નક્કરતાને પ્રત્યેકપળ મક્કમ
મનોબળથી નિષિધ્ધ કરે
ત્યારે
સુખસાહ્યબીથી ભર્યુંભર્યું
પ્રસન્ન શાંતિથી ધબકતું
આપણા બંનેનું સમસ્ત ચેતનમય જીવન વસ્તુતઃ સંભવિત છે

## (૧૧૧) વાટ તારી જુએ

માને જઈને એટલું કહેજો બાળ તારો રૂવે રે
વાટ તારી જુએ રે વાટ તારી જુએ
જૂગજૂગનો વિયોગી એવો બાળ તારો ઝૂરે રે
વાટ તારી જુએ રે વાટ તારી જુએ

શોધી સઘળે થાક્યો જગમાં ન શક્યો ક્યાંય ગોતી
વિરહે તારા નિત મારી ભીની આંખડી રોતી
તારા વગર માડી હવે થશે મારું શું રે ?
વાટ તારી જુએ રે વાટ તારી જુએ

રાતદિન આંસુ પડતાં લોચન ભીંજાય છે
તારા દર્શન વિના મારું જીવન એળે જાય છે
ગંદાં થયેલ જીર્ણ કપડાં બાળ તારો ધૂવે રે
વાટ તારી જુએ રે વાટ તારી જુએ

સાચું કહું છું જપમાળા તારી અંતરે સદાકાળ છે
શ્વાસશ્વાસે તું હિ તું હિ એમ લગની લગાતાર છે
ગાંડોઘેલો જેવોતેવો હું બાળ તારો થાઉ રે
વાટ તારી જુએ રે વાટ તારી જુએ

જગમાં મારું કોઈ નથી હું સાવ નિરાધાર છું
જીવનવીણાનો તૂટેલ બેસૂરો હું તાર છું
ખાલીખમ ઉરમાં મારા કોણ પૂરે આશ રે ?
વાટ તારી જુએ રે વાટ તારી જુએ

## (૧૧૨) કાજળકાળી રાત

અંધારની ચુંદડી ઓઢીને આવી રાત
સોહે તહીં અદકી જાણે તારલાની ભાત !
ગોપી થઈને કોક કહાનને શોધે
સમણામાં પ્રીતમના પ્રેમને ઝંખે
ઠરી ગઈ નીંદર મહીં કાજળકાળી રાત
પથારીની ભીંસમાં લપાઈ ગઈ રાત

થઈને કાનુડો કોક જશોદાને શોધે
દુગ્ધામૃત ઝીલવા કાજ છાતી ફંફોસે
સરી ગઈ નીંદર મહીં અડધી પડધી રાત
તારલાની સોડમાં જંપી ગઈ રાત

થઈને સુદામો કોક સૂનો ઓટલો ગોતે
વિશ્રાંતિની ભાળમાં નગર આખું ફંફોસે
હણાઈ ગઈ નીંદર મહીં સુખની બિછાત
લથડતી કાયામાં ભળી ગઈ રાત

થઈને ચાંદ કોક વ્યોમ આખું ફંફોસે
અંધારની ભીતરમાં ચાંદનીને ગોતે
ઢળી ગઈ નીંદર મહીં પરોઢિયાની રાત
અજવાળાની ભીતરમાં ડૂબી ગઈ રાત

## (૧૧૩) હું ઘેલી થઈ

હું તો કાનુડાને જોઈ ઘેલી થઈ
હું તો સૂધબૂધ ખોઈ ઘેલી થઈ

ઝીણી નજરે મને આંખડી મારી
સાવ હઠીલા હૈયે જાઉ છું વારી
એવાં કીધાં છે અંગઅંગે કામણ
જીતવાની હોડમાં જાઉ છું હારી
હું તો ધ્રૂસકે રડતાં ઘેલી થઈ

છાનોમાનો રાતે સમણામાં આવે
દાઝ હૈયે ઝાઝી તોય ખૂબ ભાવે
બંસરીમાંથી સૂર મધુર છૂટતાં
લાગણીની કૂંપળો ભરપૂર ફૂટતાં
હું તો પગરજ ધોતાં ઘેલી થઈ

હું તો કાનુડાને જોઈ ઘેલી થઈ
હું તો સૂધબૂધ ખોઈ ઘેલી થઈ

## (૧૧૪) અલગ

એક આંખથી અવર આંખ અલગ
ઉડતાં પંખી ને ફફડતી પાંખ અલગ

પુષ્પ પર પુષ્પના ઢગ ખર્યા કરે
વીંઝાતા વાયરા ને સૂના બાગ અલગ

આ નેણ નશીલી કોની પ્રતીક્ષા કરે ?
સેંથીમાં સિંદૂર ને ઉરની માગ અલગ

આમ કોણે અચાનક કંઠ રેલ્યો ?
આ તરલ તાર ને રંગરાગ અલગ

ભરમધ્યાહ્ને આભની આંખ તગે
તપ્ત સૌ મારગ ને ઝરતી આગ અલગ

નીસરી ચાંદની જાણે નિશાસુંદરી !
દીસે ચંદ્રકલંક ને દિલડાઘ અલગ

કંઈમેર વાસંતી આંબો ટહુક્યો?
ખરતાં પિચ્છ ને કેસુડોફાગ અલગ

## (૧૧૫) ઘર

આ
વિશાળ ધરતી પર
અન્યજનોની આલિશાન ઈમારતોની જેમ
સુખશાંતિથી રહેવા હવે મારે કયાં મકાન છે?

જે મનગમતી નાની મઢૂલી હતી
એને નજીકના મારા દ્વેષ્ટાએ
અત્યંત ક્રૂરતાથી જમીનદોસ્ત કરી
ઊંચે ખુલ્લું આભ
ને નીચે સપાટજમીન પર મને સદા સૂતો કરી દીધો
માત્ર એ ઉભયની મહેર છે
મને પૂછો તો તદ્દન કાળો કેર છે
ઈર્ષાળુને આશીર્વાદ એમ મેં માન્યું

પ્રિયે !
ભવાટવીમાં ભટકતાં
આમતેમ રખડતો
અંતે અનિચ્છાએ તારા દ્વાર આવ્યો છું
બંધ બારીબારણાં ખખડાવી
તુજ અંતરદ્વાર ઊઘાડી
તારું ઘર ખરેખર મારું ઘર છે એમ સમજે
તો હું નિશ્ચે માનું કે એ પ્રેમની ખુદવફાઈ છે

## (૧૧૬) હું સ્મરું છું યાદ મધુરી તારી

તારી આંખોની કીકીમાં નિશદિન રહીછે લટકી
એકલદોકલ પંથે વિહરતાં ગઈ છે ભટકી
હું સ્મરું છું યાદ મધુરી તારી

અડાબીડ ઘાસના ખેતર વચ્ચે હતાં મસ્તીમાં ચૂર
આમ્રકુંજે સાદ દેતી કોયલ કરતી કેવી મજબૂર !
આંબલીપીંપળી  રમત રમતાં ગઈ છું છટકી
હું સ્મરું છું યાદ મધુરી તારી

એકીશ્વાસે સહવાસે જીવવા સાધ્યો'તો મનમેળ
બેસૂરી વીણાના તાર સાંધ્યા બાર ને તૂટ્યા તેર
અહર્નિશ મધુર સ્મરણે મન ગયું છે ફટકી
હું સ્મરું છું યાદ મધુરી તારી

આંબે મોરતાં નવમંજરી હું ઝૂલું છું સ્મરણડાળે
નભે ચમકે વીજ તેમ પ્રગટું છું નયનદ્વારે
છું તૃષાતુર ખૂબ હું ત્યાં ફૂટી જળભરી મટકી
હું સ્મરું છું યાદ મધુરી તારી

## (૧૧૭) પ્રતીક્ષા

ગામ વચ્ચે
ઊભો છે જર્જરિત ચબૂતરો
ધીમા શ્વાસ શ્વસે છે હજી
ને
નિહાળ્યા કરે છે સતત
નભે ઉડતાં પંખી
ત્યાં
ભીતરે ઘૂંટાયા કરે છે સતત નિઃશ્વાસનો દમ
કે
અહીં કોઈ ફરકતું નથી
ચકલું સુધ્ધાંય
ને
પ્રતીક્ષાની ચાંચે
ચણ્યા કરે છે
હજી ચબૂતરો ચણ

## (૧૧૮) કહેવી કોને માત ?

મારે કહેવી કોને માત યશોદા કે જશોદાને ?
મારે કહેવી કોને માત યમુના કે જમનાને ?

એનાં ખળખળ વહે નીર કાલિન્દી અતિઘેલી
મારે નાથવો છે ફેણધર નાગ હોંશે બાથ ભીડી
મારે હરવાં છે ગોપીનાં ચીર અતિઉલટ આણી
મારે ચીરવાં છે ઋજુ ઉર ખૂબ હરખ લાવી
મારે કહેવા કોને તાત નંદ કે વાસુદેવને ?
કોને કહું તાત જશોદાપતિને કે દેવકીપતિને ?

ઉચ્ચ કદંબડાળે બેસી બંસરી બજાવતાં
ગાયને ધાવતાં વચ્છ મધુવને નિહાળતાં
નાના કંકરે ફોડી મટુકી ગોરસ ઢોળવાં છે
ગોપીસંગ રમતાં રાસ દિલદાન દેવાં છે
મારે કહેવી કોને માત દેવકી કે જશોદાને ?
મારે કહેવા કોને તાત નંદ કે વાસુદેવને ?

## (૧૧૯) જોયા કર

ઘટતી ઘટનાઓ જોયા કર
અમૂલ્ય ક્ષણો ન ખોયા કર

યાદનાં ઝુમ્મરો ઝગમગે છે
ઉરનાં બારણાં ખોલ્યા કર

ચહેરાઓ પરદાનશીન છે
નિજાનંદે નિત ડોલ્યા કર

રોજરોજ અફવા ઉડે છે
સચ્ચરિત મુખે બોલ્યા કર

આંખે સપનાં સળવળે છે
નમણી નજરે મોહ્યા કર

આંસુ અનર્ગળ વહે છે
છાનુંછપનું રોયા કર

## (૧૨૦) માનવબૉંબ

હું સાચેસાચ ભાવનાશીલ માનવ હોવાના નાતે
માનવીય દૃષ્ટિકોણથી વર્તું છું અવરને સ્વયં
મારા મૃદુ ઉરના એકલદોકલ અંધારિયા ખૂણે
અંશતઃ હેવાનિયત ઠરીઠામ થઈ નિઃશંક વસે છે
એનો હવે સંપૂર્ણ પર્દાફાશ કર્યે કયાં છૂટકો છે ?

આ સકલ વિરાટ જગમાં
સંપ સહકાર ને શાંતિના નૂતન સંદેશ સમો
સુલભ ત્રિવેણીસંગમ સંરચવા
સુગમ સુખસામ્રાજ્ય સંવર્ધવા
અથાગ વિકાસપ્રયાસ સર્જતાં
એક માનવ અન્ય માનવ સાથે
સાવ ક્ષુદ્ર પશુતુલ્ય બની
પરસ્પર મર્દાનગીના ખેલ ખેલે છે
અરસપરસ ટકરાય છે દેશવિદેશ દ્રોહ
જયાં ત્યાં દૃષ્ટિપાત થાય છે સર્વ ભસ્મીભૂત

સંકુલ સંકુચિતતા ભેદી
વિશાળ માનવતાના માંગલિક મંડાણ માટે
અણુઅખતરા વારંવાર સર્જી
કદી ખતરો નીપજાવતો માનવ
ખરેખર ક્રૂર નિષ્ઠુર બની
કોઈ વ્યર્થ ઘેલછામાં રાચી
માનવતાના અખંડ સ્ત્રોત સમા
મુક્ત મનના માનવસન્મુખ
સહસા ત્વરિત ધસમસે છે
વિશાળ માનવમેદની વચ્ચે
નષ્ટપ્રાય કરવાના સ્થળે
ઉચ્છેદ વિચ્છેદનો તરખાટ મચાવી
તોબા પુકારતો માનવબૉંબ

## (૧૨૧) ધબકારા નથી હોતા

નભે ચમકતા તેજે બધા સિતારા નથીહોતા
કદી શરમાઈ જતી વીજના ચમકારા નથી હોતા

તારા ભરોસે જીવનનાવ હંકારી છે દરિયે
તમે માનો છો એવા છીછરા કિનારા નથી હોતા

મોહક દેહના દરિયે ચડી છે રૂપની ભરતી
મારા જેવા તારા સમ બધા આવારા નથી હોતા

તારા હોઠ છે ભરેલા છલોછલ પ્રેમામૃતથી
હું માત્ર એક છું એવો બધા પીનારા નથી હોતા

થાય છે આજ ધરાઈને તારો ચહેરો જોઈ લઉ
આ આંખના સાવ નકામા કદી ઈશારા નથી હોતા

તું ચાહે કે ન ચાહે અશક્ય છે આપણું મિલન
વિરહ બાદ હવે દિલે ઝાઝા ધબકારા નથી હોતા

## (૧૨૨) યાદ આવી ગઈ

ભરવસંતે કોયલ ટહુકતાં તારી યાદ આવી ગઈ
નવમંજરીની પરાગ પ્રસરતાં તારી યાદ આવી ગઈ

મંદસુમંદ સૂસવાતો સમીર વનવગડે વહે છે
નવતર કસુંબી રંગ રેલાતાં તારી યાદ આવી ગઈ

નભે મેઘ પરમેઘ છવાતાં વર્ષાગમન સૂચવે છે
મદમત્ત મોર પાસે ઢેલ નાચતાં તારી યાદ આવી ગઈ

ઝરમર ઝરમર ધીમીધારે ચોમેર મેહ વરસે છે
વારંવાર ચમકતી વીજ દેખતાં તારી યાદ આવી ગઈ

વનોપવને લતાતરુવરે વિધવિધ પુષ્પ ખીલે છે
ભમતાં ભ્રમર પુષ્પકળી ચૂમતાં તારી યાદ આવી ગઈ

નભે ખીલેલ ચંદ્રની આસપાસ તારક ટમટમે છે
ચમકતી રૂપેરી ચાંદની પેખતાં તારી યાદ આવી ગઈ

આંખોની નાજુક પાંપણમાં મધરાતે સપનું ફૂટે છે
વિસ્મૃતાનું સહસા સ્મરણ થતાં તારી યાદ આવી ગઈ

## (૧૨૩) નજરે ચડી છે

મારા સદ્‌ભાગ્યે સહસા નજરે ચડી છે
તારી પ્રતીક્ષાની દરરોજ ટેવ પડી છે

મિલનોત્સુક હૃદય આકુળવ્યાકુળ છે
આવાગમનવેળા માર્ગ વચ્ચે ખડી છે

વહેતા કાળપ્રવાહે પ્રતિપળે શોધું છું
નૂતન આશ્ચર્ય વચ્ચે અચાનક જડી છે

મનેકમને ચૂપકીથી જોઈ લઉ છું
બહેતર છે હજી ક્યાં આંખો લડી છે ?

એકલપંડે રહેવું વિષમ સંજોગ છે
ઘોર અંધારીરાતે નયન રડી છે

અંતરથી ઘણો અભેદ્ય કેળવેલ છે
નફરતની રીતરસમો નડી છે

રાજીખુશીથી હાથેહાથ સાહી લઈએ
સદૈવ સહચારની શુભઘડી છે

## (૧૨૪) પરખાતાં સારાં

ઘાટહાટ ને વાટ વપરાતાં સારાં
રાજકાજ ને સાજ બદલાતાં સારાં

શેરીની અફવાઓ શેરીમાં શમે છે
કુળશીલ ને સૌંદર્ય સચવાતાં સારાં

ઝંઝાવાતોનાં ગાઢ વન ઊગે છે
શઠચોર ને કુલટા દંડાતાં સારાં

વેદનાના શૂળ શિરે ઉપડે છે
રોગીભોગી ને પાપી પસ્તાતાં સારાં

ઘરઆંગણે રંગોળી પૂરી છે
પ્રજાપંખી ને રાણી હરખાતાં સારાં

નિત કાંટે સમય સર્યા કરે છે
છળવળ ને પળ પરખાતાં સારાં

## (૧૨૫) થઈ પણ જાય

વાતનું વતેસર થઈ પણ જાય
મનનું મનમાં રહી પણ જાય

કુમાશભરી કોમળ આંગળીએ
અવળું સવળું થઈ પણ જાય

હોઠ હરખમાં ફફડે ત્યારે
ન કહેવાનું કહી પણ જાય

પલકે પાંપણ ખાસી પોકળ
ઉથલપાથલ થઈ પણ જાય

નમણી નજર ફરકે ત્યારે
જોવા જેવું થઈ પણ જાય

રૂપને ઘૂંટડે પીતાં પીતાં
ન થવાનું થઈ પણ જાય

*